dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 114 | AD - 2026, Maha Sud - 12 | Friday, Dt. 30-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિયમોનો ડ્રાફ્ટ ફરીથી તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો

# UGCના નવા નિયમો પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

ન્યુ દિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના નવા નિયમો આગામી આદેશ સુધી સ્થગિત કર્યા છે. CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યાની બેન્ચે કહ્યું હતું કે આની જોગવાઈઓ અસ્પષ્ટ છે અને એનો દુરુપયોગ થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિયમોનો ડ્રાફ્ટ ફરીથી તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. CJI સૂર્યકાંતે કેન્દ્રને પૂછ્યું, ''આપણે જાતિવિહીન સમાજની દિશામાં કેટલું હાંસલ કર્યું છે? શું હવે આપણે ઊલટી દિશામાં ચાલી રહ્યા છીએ?'' કોર્ટે કહ્યું, ''અમને જનરલ કેટેગરીની ફરિયાદોથી કોઈ ફેર પડતો નથી. મુદ્દો એ છે કે જે ખરેખર જરૂરિયાતવાળા અને પીડિત છે તેને ન્યાય મળવો જોઈએ. અમારી ચિંતા એ છે કે જે લોકો અનામતમાં આવે છે તેમના માટે નિવારણ પ્રથા યથાવત્ રહેવી જોઈએ.'' આ કેસની હવે પછીની સુનાવણી ૧૯ માર્ચે થશે. UGCના નવા નિયમો વિરુદ્ધ મૃત્યુંજય તિવારી, એડવોકેટ વિનીત જિંદાલ અને રાહુલ દીવાને અરજીઓ દાખલ કરી છે. આ અરજીઓમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે UGCએ જાતિ આધારિત ભેદભાવની 'બિન-સમાવેશક' વ્યાખ્યા અપનાવી છે અને અમુક સમુદાયોને સંસ્થાકીય સંરક્ષણમાંથી બહાર રાખ્યા છે. અરજદારે UGCના રેગ્યુલેશનને રદ કરવાની માગ કરી અને એના પર તાત્કાલિક રોક લગાવવા માટે વિનંતી કરી. અરજદારે એમ પણ કહ્યું હતું કે જો અમને પરવાનગી મળે તો અમે આનાથી વધુ સારું




રેગ્યુલેશન બનાવીને આપી શકીએ છીએ. આના પર ચીફ જસ્ટિસે કહ્યું હતું કે ''અમે ઈચ્છીએ છીએ કે કેટલાક કાયદાવિદોની સમિતિ આના પર વિચાર કરે.'' એક અરજદારના વકીલે દલીલ કરતાં કહ્યું હતું કે ''જો હું સામાન્ય કેટેગરીનો વિદ્યાર્થી હોઉં તો કોઈપણ સિનિયર મને જોઈને ઓળખી જશે કે હું ફ્રેશર છું. ત્યાર બાદ મારી રેગિંગ થશે. જો તે સિનિયર અનુસૂચિત જાતિનો હશે તો ઊલટું મારે જ કાર્યવાહીનો સામનો કરવો પડશે.'' આના પર કોર્ટે પૂછ્યું કે ''શું આ જોગવાઈ હેઠળ તમારી રેગિંગની ફરિયાદ પર વિચાર કરવામાં આવશે?'' વકીલે જવાબ આપ્યો, ''ના. પરંતુ મારી પાસે અન્ય કોઈ સહારો પણ નથી. આગોતરા જામીન પણ કોઈ વિકલ્પ નથી, કારણ કે સરકારે એમાં સુધારા કર્યા છે. આ છોકરાની કારકિર્દી ખતમ થઈ જશે. એક છોકરો જેને રેગિંગનો સામનો કરવો માર પડ્યો છે તેના માટે રેગિંગની વ્યાખ્યાને નિયમોમાંથી કેમ હટાવવામાં આવી? આ નિયમો માત્ર જાતિ આધારિત મુદ્દાઓને જ સંબોધિત કરે છે. એ જમીની હકીકતને ધ્યાનમાં લેતા નથી. એ સિનિયર અને જુનિયર વચ્ચેના ભેદને સંબોધિત કરતા નથી.''

### ગુજરાતમાં પણ UGCના કાયદાનો વિરોધ થયો હતો

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના નવા નિયમો સામે દેશભરમાં વિરોધનો વંટોળ ઉભો થયો છે. યુપી, નવી દિલ્હી સહિતના રાજ્યોમાં સવર્ણોના વિવિધ સંગઠનો રસ્તા પર ઉતરી આવ્યા છે. હવે ગુજરાતમાં પણ નવા નિયમો સામે વિરોધના પડઘમ સંભળાવવા લાગ્યા છે. સુરત અને રાજકોટમાં બ્રહ્મ સમાજે આવેદન પાઠવી નિયમોના અમલીકરણ સામે આકરી ચીમકી ઉચ્ચારી છે. જ્યારે મહેસાણામાં પાટીદાર સમાજ દ્વારા નવા નિયમોને બંધારણીય ભાવના વિરુદ્ધ ગણાવી તાત્કાલિક પાછા ખેંચવાની માંગણી કરવામાં આવી હતી.

# બારામતીના કાટેવાડી ખાતે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવાર પંચમહાભૂતમાં વિલીન

બારામતી,તા.૨૯

બારામતીના કાટેવાડી સ્થિત વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં ગુરુવારે મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. તેમના બંને પુત્રો પાર્થ અને જય પવારે મુખાગ્નિ આપી હતી. પત્ની સુનેત્રા પવારે પતિના પાર્થિવ દેહ પર ગંગાજળ ચઢાવી અંતિમ વિદાય આપી. આ પ્રસંગે કાકા શરદ પવાર અને તેમની પુત્રી સુપ્રિયા સુલે, ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહ્યા હતા. અંતિમ સંસ્કારમાં મહારાષ્ટ્ર



સિવાય અન્ય રાજ્યોમાંથી પણ લોકો આવ્યા હતા. બારામતીમાં મોડી રાતથી જ લોકો આવવાનું શરૂ થઈ ગયું હતું. સવારના સમયે અનેક વિસ્તારોમાં જામની સ્થિતિ સર્જાઈ હતી. સમર્થકો બાઈક, ટ્રેક્ટર-ટ્રોલી અને બસ દ્વારા પહોંચ્યા હતા. અંતિમયાત્રામાં એકથી બે કિમી સુધી લોકો જ લોકો નજરે પડતા હતા. પવારનું ચાર્ટર પ્લેન બુધવારે સવારે ૮.૪૫ વાગ્યે બારામતી એરપોર્ટ પાસે ક્રેશ થયું હતું. તેઓ ૬૬ વર્ષના હતા. બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન પ્લેન ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં

### મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા ટ્રાફિક જામની સ્થિતિ

પવારના સુરક્ષાકર્મી, બે પાઈલટ અને એક મહિલા ક્રૂ સહિત ૫ લોકોના મોત થયા હતા. પવાર ૫ ફેબ્રુઆરીએ પુણેમાં યોજાનારી જિલ્લા પરિષદની ચૂંટણીઓ માટે ૪ રેલીઓને સંબોધિત કરવાના હતા. પવારના નિધન પર મહારાષ્ટ્રમાં ૩ દિવસનો રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

# અમેરિકા સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ઈરાની અધિકારી ભારત પહોંચ્યા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૯

ઈરાનના સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલ સેક્રેટરી અલી લારીજાનીએ ભારતના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝર પવન કપૂર સાથે મુલાકાત કરી. મુંબઈમાં યોજાયેલી આ બેઠકને મુંબઈ સ્થિત ઈરાની કોન્સ્યુલેટ જનરલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કરી હતી. ઈરાની કોન્સ્યુલેટ જનરલે પોસ્ટમાં લખ્યું હતું કે લારીજાનીએ ભારતના ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝર પવન કપૂર સાથે વિગતવાર ચર્ચા કરી હતી.



અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે આ બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ટ્રૂથ સોશિયલ પરની એક પોસ્ટમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરીથી ઈરાનને ચેતવણી આપી. તેમણે જણાવ્યું હતું કે એક વિશાળ યુએસ નૌકાદળ ઝડપથી આગળ વધી રહ્યું છે, જે અગાઉ વેનેઝુએલામાં મોકલવામાં આવેલા કરતા પણ મોટું છે. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો જરૂરી હોય તો યુએસ દળો તેમના મિશનને પૂર્ણ કરવા માટે તૈયાર અને સક્ષમ છે. ટ્રમ્પે ઈરાનને વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવા વિનંતી કરી અને આશા વ્યક્ત કરી કે તેહરાન ટૂંક સમયમાં એક વાજબી કરાર પર પહોંચશે જેમાં પરમાણુ શસ્ત્રોનો સમાવેશ થતો નથી. તેમણે ચેતવણી આપી હતી કે સમય પૂરો થઈ રહ્યો છે અને પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. અગાઉની ઘટનાઓનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે ઓપરેશન મિડનાઈટ હેમરનો પણ ઉલ્લેખ કર્યો, જેને તેમણે ઈરાન માટે વિનાશક ગણાવ્યો. ટ્રમ્પે કહ્યું કે કોઈપણ નવો સંઘર્ષ "ઘણો ખરાબ" હશે.

ઈરાને, સંયુક્ત રાષ્ટ્રમાં તેના મિશન દ્વારા, જણાવ્યું હતું કે તે પરસ્પર આદર અને પરસ્પર હિતોના આધારે વોશિંગ્ટન સાથે વાતચીત કરવા તૈયાર છે. જો કે, એક અલગ નિવેદનમાં, તેહરાને સ્પષ્ટ કર્યું કે જો દબાણ કરવામાં આવશે, તો તે પોતાનો જોરશોરથી બચાવ કરશે અને "પહેલાં ક્યારેય ન જોયું હોય" તેવી રીતે જવાબ આપશે.

### નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશનાં પ્રથમ મહિલા નાણામંત્રી છે, જે સતત નવમી વખત સંસદમાં બજેટ રજૂ કરશે : મોદી

# નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં આર્થિક સર્વે રજૂ કર્યો

ન્યુ દિલ્હી,તા.૨૯

ગુરુવારે પ્રશ્નકાળ પૂર્ણ થયા બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં આર્થિક સર્વે રજૂ કર્યો. નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ભારતના GDP ગ્રોથનો અપર રેન્જ અંદાજ ૭.૨% છે અને લોઅર રેન્જ અંદાજ ૬.૮% લગાવવામાં આવ્યો છે. GDPમાં તેજી પાછળ મજબૂત સ્થાનિક માંગને મુખ્ય પરિબળ માનવામાં આવે છે. તેમજ,



પહેલીવાર, આર્થિક સર્વેક્ષણમાં AI પર એક અલગ ચેપ્ટર છે, જેનો અર્થ એ છે કે સરકાર આગામી દિવસોમાં સંપૂર્ણપણે નવી ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરવા જઈ રહી છે. ૧૮મી લોકસભાના બજેટસત્રના બીજા દિવસે પીએમ મોદીએ કહ્યું, ''નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશનાં પ્રથમ મહિલા નાણામંત્રી છે, જે સતત નવમી વખત સંસદમાં બજેટ રજૂ કરશે. બજેટસત્ર ખૂબ જ સકારાત્મક રીતે શરૂ થયું છે.'' મોદીએ કહ્યું, ''એક આત્મવિશ્વાસપૂર્ણ ભારત આશાનું કિરણ અને આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે એક કરાર થયો છે. મને વિશ્વાસ છે કે ભારતીય મેન્યુફેક્ચરર આ તકનો ઉપયોગ તેમની ક્ષમતાઓને વિસ્તૃત કરવા માટે કરશે.'' પીએમ મોદીએ ગુરુવારે કહ્યું, ''અમારી સરકારની ઓળખ રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મ રહી છે. હવે અમે રિફોર્મ એક્સપ્રેસ પર આગળ વધી રહ્યા છીએ.'' રાષ્ટ્રપતિએ સત્રની શરૂઆતમાં સાંસદો પાસેથી પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી. મને ખાતરી છે કે સાંસદો તેને ગંભીરતાથી લેશે.'' તેમણે કહ્યું હતું કે આ સત્ર ખૂબ જ મહત્ત્વપૂર્ણ સત્ર છે. ૨૧મી સદીનો એક ક્વાર્ટર વીતી ગયો છે. આ બીજા ક્વાર્ટરની શરૂઆત છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે મહત્ત્વપૂર્ણ ૨૫ વર્ષ શરૂ થઈ ગયાં છે. એક દિવસ પહેલાં બુધવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સેન્ટ્રલ હોલમાં બંને ગૃહોને સંયુક્ત રીતે સંબોધન કર્યું હતું.

# રાજસ્થાનમાં બસ-ટ્રેલર વચ્ચે ભીષણ અકસ્માતમાં ૪ લોકોના થયા કરૂણ મોત

ભરતપુર,તા.૨૯

રાજસ્થાનના ભરતપુર જિલ્લામાંથી એક દુઃખદ માર્ગ અકસ્માતના સમાચાર આવી રહ્યા છે. અહેવાલો અનુસાર, ધુમ્મસને કારણે સ્લીપર બસ ટ્રેલર સાથે અથડાઈ, જેના પરિણામે અનેક લોકોના મોત થયા છે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે, અને પાંચ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઘાયલોમાંના એક રામવીર, તેની




પત્ની અને આઠ વર્ષના પુત્રને ગુમાવી ચૂક્યા છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ભરતપુર જિલ્લામાં આગ્રા-જયપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગુરુવારે વહેલી સવારે એક ભયાનક માર્ગ અકસ્માત થયો. કાસગંજથી જયપુર જતી એક સ્લીપર બસ સેવર પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુધવાઈ કલ્વર્ટ પાસે તેની સામેના ટ્રેલર સાથે અથડાઈ હતી. સેવર પોલીસ સ્ટેશનના એસઆઈ અવધેશે જણાવ્યું હતું કે માહિતી મળતાં જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ ઘાયલોને તાત્કાલિક જિલ્લા આરબીએમ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.




# રેકોર્ડબ્રેક તેજી : ચાંદી પ્રતિ કિલો રૂા. ૪ લાખને પાર, સોનું પણ વધ્યું

મુંબઈ,તા.૨૯

સોના અને ચાંદીમાં તેજી અટકવાનું નામ નથી લેતી. સોનાના ભાવમાં આજે ૧૬,૦૦૦ રૂપિયાનો ઉછાળો આવ્યો છે, જ્યારે ચાંદી ૨૧,૦૦૦ રૂપિયા વધીને ૪ લાખ રૂપિયાને પાર પહોંચી ગઈ છે. એક તરફ, શેરબજારમાં ઘટાડો અટકતો નથી અને બીજી તરફ, સોના-ચાંદીમાં તોફાની તેજી ચાલુ છે. અત્યાર સુધી સોનું માત્ર ૩ હજારથી ૫,૦૦૦ રૂપિયા વધતું હતું, પરંતુ આજે સોનાએ રેકોર્ડ તેજી બતાવી છે. મલ્ટી કોમોડિટી માર્કેટમાં સોનું આશરે ૧૬,૦૦૦ રૂપિયા વધી ગયું




છે, જ્યારે ચાંદીમાં પ્રતિ કિલો ૨૦ હજાર રૂપિયાની તેજી આવી છે અને તેણે ૪ લાખ રૂપિયાનું સ્તર પાર કરી લીધું છે. પહેલીવાર ચાંદીની કિંમત ૪ લાખ રૂપિયાને પાર પહોંચી છે. માર્ચ વાયદા માટે MCX પર ગુરુવારે ચાંદીનો ભાવ ૨૧,૨૭૬ રૂપિયા વધીને ૪,૦૬,૬૪૨ રૂપિયા હતો, જે એનું ઓલટાઈમ હાઈ લેવલ છે.



**આ માર્ગ પર જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી સહિતની કચેરીઓ આવેલી છે છતાં પણ કોઈ કામગીરી નહી**

# અમરેલી જિલ્લા પંચાયત રોડ પર ગટરના પાણી રસ્તા પર ફરી વળતા લોકોમાં રોષ

અમરેલી,તા.૨૯

અમરેલી શહેરમાં સૌથી વધુ અવરજવરવાળો કોઈ રસ્તો હોય તો તે જિલ્લા પંચાયત રોડ છે પરંતુ છેલ્લા ઘણા સમયથી નગરપાલિકાની બેદરકારીને કારણે આ માર્ગ પર ગટરના ગંધાતા પાણી ફરી વળતા હોવાથી આજુબાજુના વેપારીઓની સાથે રાહદારીઓ પણ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ બાબતે નગરપાલિકામાં અનેકવાર રજૂઆત કરવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી ન હોવાથી નગરપાલિકાની કામગીરી સામે શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે. ગુરુવારે જિલ્લા પંચાયત રોડ પર ગટરના ગંધાતા પાણી એવી રીતે ફરી વળ્યા કે ગટરના ગંધાતા પાણી આ માર્ગ પર આવેલા માર્કેટિંગ યાર્ડના





દરવાજામાંથી પસાર થઈ છેક સામેના દરવાજા સુધી ફરી વળ્યા હતા જેથી જિલ્લા પંચાયત રોડ પરના વેપારીઓની સાથે માર્કેટિંગ યાર્ડમાં દુકાન ધરાવતા વેપારીઓ પણ ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે જિલ્લા પંચાયત રોડ પર જ જિલ્લા પંચાયત કચેરી આવેલી છે. આ માર્ગ પર જિલ્લા પંચાયતના પ્રમુખ તેમજ જિલ્લા વિકાસ અધિકારીની કચેરી પણ આવેલી હોવાથી જિલ્લા વિકાસ અધિકારી પણ આ બાબતે કોઈપણ પ્રકારની કામગીરી કરતા ન હોવાથી શહેરીજનોમાં જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી સામે આક્રોશ ફેલાયો છે. અમરેલી જિલ્લા પંચાયત રોડ પર ગટરના ગંધાતા પાણી ઘણીવાર સિવિલ હોસ્પિટલ સુધી પણ પહોંચી જતા હોવાની અનેક વાર ફરિયાદ કરવામાં આવી હતી પણ જાડી ચામડીના અધિકારીઓ અને મત માટે ઘુંટણીયાભેર થતા પદાધિકારીઓ આ બાબતે કોઈ નક્કર કામગીરી કરતા નથી જેના કારણે શહેરીજનોમાં ભારે રોષની લાગણી જન્મી છે. આથી શહેરીજનોની મુશ્કેલીને ધ્યાને લઈ તાત્કાલિક ગટરના પાણીનું યોગ્ય નિરાકરણ થાય અને લોકોને રાહત મળે તેવી માંગ કરવામાં આવી છે.

# બાબરા શહેરમાં રહેણાંક મકાનને નિશાન બનાવનારા તસ્કરોને ઝડપી પાડતી પોલીસ

**પોલીસે તસ્કરો પાસેથી ચોરી કરેલો મુદ્દામાલ રિક્વર કર્યો**

અમરેલી,તા.૨૯

બાબરા શહેરમાં બંધ મકાનને નિશાન બનાવી લાખોની ચોરી કરનાર બે શખ્સોને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી પ્રશંસનીય કામગીરી કરી છે. આ કિસ્સામાં પોલીસે ચોરી થયેલો તમામ મુદ્દામાલ પણ રિકવર કરી લીધો છે. ફરિયાદી મેહુલકુમાર વિનુભાઈ કાવઠીયાના બંધ મકાનમાં ગત તા. ૨૨ થી ૨૩ દરમિયાન અજાણ્યા તસ્કરોએ ત્રાટકી કબાટમાંથી



આશરે સાત તોલાનો સોનાનો હાર અને બે નંગ સોનાના પહોંચાની ચોરી કરી હતી. બાબરા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા જ પોલીસે એક્શન મોડમાં આવી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસે ગૌતમ રમેશભાઈ ડાભી (ઉં.વ. ૩૦, રહે. બાબરા) અને નિશાબેન હિતેશભાઈ નવાપરીયા (ઉં.વ. ૨૩, રહે. સુરત)ની ધરપકડ કરી હતી.

# મહેશ કસવાળાના પ્રયત્નોથી પીપરડી-મોટા ભમોદ્રા માર્ગ માટે રૂ.૮.૫૦ કરોડ મંજૂર

અમરેલી,તા.૨૯

સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામની વર્ષો જૂની હાલાકીનો હવે અંત આવશે. ભારે ચોમાસામાં ટાપુ બની જતા આ ગામને સંપર્ક વિહોણું થતું અટકાવવા માટે રાજ્ય સરકારે રૂ.૮.૫૦ કરોડના ખર્ચે પીપરડી-મોટા ભમોદ્રા વચ્ચે નવા માર્ગના નિર્માણને મંજૂરી આપી છે. અત્યાર સુધી અતિવૃષ્ટિ દરમિયાન ગામનો સંપર્ક તૂટી જવાથી દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં અને ઈમરજન્સી સેવાઓમાં ભારે અવરોધ આવતો હતો. અનેકવાર લોકોએ જીવ બચાવવા ઘરના છાપરાનો આશરો લેવો પડતો હતો. સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની રજૂઆત



અને પ્રયાસોને સફળતા મળતા હવે આ કાયમી ઉકેલ આવશે. આ નવા માર્ગથી ચોમાસામાં પણ વાહનવ્યવહાર ચાલુ રહેશે અને ગ્રામજનોને પૂરના જોખમથી મુક્તિ મળશે.ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના પ્રયત્નોથી નવો માર્ગ બનતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. ગ્રામજનોએ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાનો આભાર માન્યો હતો.

# રાજુલાની એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં ગણતંત્ર દિવસની ઉજવણી

રાજુલા,તા.૨૯

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ.બી. સંઘવી મહિલા આટ્ર્સ તથા કોમર્સ કોલેજ ખાતે ૨૬મી જાન્યુઆરી - રાષ્ટ્રીય પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, ડાયરેક્ટર ડૉ. જીગ્નેશભાઈ વાજા તેમજ રાજુલાના વરિષ્ઠ નાગરિકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ પ્રિન્સિપાલ ડૉ. રીટાબેન રાવલે મહેમાનોનું સ્વાગત



અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ રાષ્ટ્રીય પર્વે કોલેજની વિદ્યાર્થિનીઓ ખુહા નિશિતાબેન અને બલદાણીયા દિવ્યાબેનના હસ્તે રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રગાન, પરેડ અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ભાવનગર-મહુવા ટ્રેનને બાઢડામાં સ્ટોપ આપવા રજૂઆત કરાઈ

**જાગૃત નાગરિકે સાસંદ અને ધારાસભ્યને પત્ર લખ્યો**

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલાના જાગૃત નાગરિક મધુભાઈ નરસિંહભાઈ ગજેરાએ ડિવિઝનલ મેનેજર રેલવે ભાવનગર, અમરેલીના સાંસદ અને સાવરકુંડલાના ધારાસભ્યને પત્ર લખી રજૂઆત કરી હતી કે ભાવનગર-મહુવા સવારે ૯-૦૦ ટ્રેન નં. ૧૯૨૦૫ તથા મહુવા-ભાવનગર ગાડી નં. ૧૯૨૦૬ ને બાઢડા ગામમાં સ્ટોપ આપવામાં આવે તો આજુબાજુના સુરજવડી, વિજયાનગર, રામગઢ, જાબાળ, અભરામપરા, કૃષ્ણગઢ, સાકરપરા, મીતીયાળા જેવા ગામોના પંદર હજારથી વધુ લોકોને સરળતાથી પોતાના ગામ જવા માટે બાઢડાથી સીધી સુવિધા મળી શકે તેમ છે. હાલ બાઢડાની ભાગોળેથી ટ્રેન પસાર થતી હોવા છતાં એક પણ ટ્રેનનો સ્ટોપ નથી.

# એચ.બી. સંઘવી મહિલા કોલેજ ખાતે 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી

અમરેલી,તા.૨૯

એચ.બી. સંઘવી મહિલા આટ્ર્સ તથા કોમર્સ કોલેજ ખાતે ૨૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુવા વર્ગને મતદાન અંગેની ફરજ અને રાષ્ટ્રની લોકશાહી તંત્ર વ્યવસ્થામાં ચૂંટણીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.



તસવીર : ગોપાલ રાઠોડ

આ તકે મામલતદાર કચેરી દ્વારા ઉપસ્થિત પદાધિકારીઓ દ્વારા મતદાનનું મહત્વ અને ચૂંટણીપંચની કાર્યપધ્ધતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સર્વોએ મતદાન કરવા અંગેની પ્રતિજ્ઞા લીધી હતી.

# રાજુલાના રિક્ષાચાલકની ઈમાનદારી: મુસાફરનું ૧૫,૦૦૦ રોકડ અને દસ્તાવેજો ભરેલું પાકીટ પરત કર્યું

રાજુલા,તા.૨૯

રાજુલા શહેરમાં એક સામાન્ય રિક્ષાચાલક અમિતભાઈ કાદરભાઈ ઝાંખરાએ ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે પોતાની રિક્ષામાં ભુલાયેલું ૧૫,૦૦૦ રૂપિયા રોકડ અને મહત્વના દસ્તાવેજો સાથેનું પાકીટ મૂળ માલિકને પરત કરી માનવતા મહેકાવી છે.

વિગત મુજબ, અમિતભાઈ રાજુલાથી જાફરાબાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ચારનાણા ગામથી લોઠપુર જવા માટે એક મુસાફર બેઠા હતા. મુસાફર લોઠપુર ગામે ઉતરી ગયા બાદ રિક્ષા જાફરાબાદ પહોંચતા અમિતભાઈને



રિક્ષામાંથી એક પાકીટ મળ્યું હતું. તપાસ કરતા તેમાં ૧૫,૦૦૦ રોકડ રકમ અને દસ્તાવેજો હતા. દસ્તાવેજોના આધારે તપાસ કરતા આ પાકીટ લોઠપુરના વિજયભાઈ સાખટનું હોવાનું જાણવા મળ્યું હતું. અમિતભાઈએ તાત્કાલિક તેમનો સંપર્ક કરી રોકડ અને દસ્તાવેજો સુરક્ષિત પરત કર્યા હતા. પાકીટ પરત મળતા વિજયભાઈએ રિક્ષાચાલકનો આભાર માન્યો હતો.

# જિલ્લા કક્ષાના ગણતંત્ર પર્વની ખાંભામાં ઉજવણી દરમિયાન 'મેદસ્વીતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ પ્રદર્શન યોજાયું

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લાના ખાંભા ખાતે યોજાયેલ ૭૭મા જિલ્લા કક્ષાના ગણતંત્ર પર્વની ઉજવણી અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાગર મહેતા યોગ ગ્રૂપ દ્વારા 'મેદસ્વીતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત આદીયોગી રિધમિક યોગ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. આ યોગ પ્રસ્તુતિની વિશેષતા એ રહી હતી કે તેમાં ૫ વર્ષથી લઈ ૬૫ વર્ષ સુધીની વયજૂથની કુલ ૧૬ બહેનોએ



ભાગ લીધો હતો. દેશભક્તિ ગીતોની સંગીતમય પૃષ્ઠભૂમિમાં બહેનો દ્વારા વિવિધ યોગાસનોનું સુમેળભર્યું અને શિસ્તબદ્ધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દ્વારા લોકોને મેદસ્વીતા, ડાયાબિટીસ, બ્લડપ્રેશર તથા કેન્સર જેવા રોગોથી મુક્ત રહેવા અને યોગ દ્વારા નિરોગી જીવન જીવવા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મંત્રી, જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ અધિક્ષક, ડીડીઓ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




# ચલાલામાં મોરારી બાપુના હસ્તે 'કાનજી ભૂટા બારોટ એવોર્ડ' એનાયત કરાશે: ચાર કલાકારોનું સન્માન

ચલાલા,તા.૨૯

ચલાલા (દાનાભગત) ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧/૨/૨૦૨૬ના રોજ જગવિખ્યાત વાર્તાકાર સ્વર્ગસ્થ કાનજી ભૂટા બારોટની કર્મભૂમિમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મોરારી બાપુના વરદ હસ્તે ચાર કલાકારોને 'કાનજી ભૂટા બારોટ એવોર્ડ'થી નવાજવામાં આવશે. સૌરાષ્ટ્રનું રતન અને 'વાર્તાનો વડલો' કહેવાતા કાનજી ભૂટા બારોટના જીવન સાથે જોડાયેલી એક ઐતિહાસિક ઘટના પણ યાદ કરવામાં આવે છે. ગુજરાતી ફિલ્મોના સુવર્ણકાળમાં જ્યારે રામાનંદ સાગરે ગુજરાતી ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું અને ઉપેન્દ્ર ત્રિવેદીના સૂચનથી 'વીર માંગડાવાળા' પર ફિલ્મ બનાવવાનું નક્કી થયું, ત્યારે તેની પટકથા માટે કાનજીબાપા અનિવાર્ય બન્યા હતા. વડોદરાના લક્ષ્મી સ્ટુડિયોમાં કવિ દાદ, રામજીભાઈ વાણીયા અને સુભાષ સાગર સાથેની ટીમની મિટિંગ કાનજીબાપાના નેતૃત્વમાં થયા બાદ જ ફિલ્મની પટકથા લખવાની શરૂઆત થઈ હતી. કાનજીબાપાએ જીથરો ભાભો, કાળિયો ઢગો, વીર રામવાળો, વીર ચાંપરાજ વાળા, દસ્તાવેજ, કન્યાદાન, હોથલ પદમણી અને ચતુરચંદ શેઠ જેવી અનેક વાર્તાઓ પોતાની આગવી રાવળી શૈલીમાં રજૂ કરી લોકસાહિત્યમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

# હિટ એન્ડ રન કેસમાં લાઠી પોલીસે લક્ઝરી બસ સાથે વિસાવદરના ચાલકની કરી ધરપકડ

**ચાલકે રાહદારીને અડફેટે લેતા મોત નિપજ્યુ હતું**

અમરેલી,તા.૨૯

ભાવનગર-રાજકોટ હાઈવે પર હીરાણા ગામના પાટીયા પાસે ગત ૨૨ જાન્યુઆરીના રોજ સર્જાયેલ જીવલેણ અકસ્માતનો ભેદ ઉકેલવામાં લાઠી પોલીસને સફળતા મળી છે. એક અજાણ્યા વાહન ચાલકે રાહદારીને અડફેટે લઈ મોત નિપજાવી નાસી છૂટવાની ઘટનામાં પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી હતી. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા કાર્યરત ચાવંડ આઉટ-પોસ્ટ અને જાનબાઈ દેરડી ગામના CCTV ફૂટેજ તપાસતા શંકાસ્પદ લક્ઝરી બસ જણાઈ આવી હતી. જેના આધારે પોલીસે તપાસ તેજ કરી આસીફભાઈ આરીફભાઈ ઘોઘારી (રહે. વિસાવદર) ની ધરપકડ કરી છે. પોલીસે લક્ઝરી બસ (નં. AR-૦૬-C-૯૯૨૫) કબજે કરી ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ચલાલાના ગાયત્રી એજ્યુકેશન ગ્રુપમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી

અમરેલી,તા.૨૯

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ - ચલાલા સંચાલિત ગાયત્રી એજ્યુકેશન ગ્રુપ દ્વારા હરિબા કેમ્પસ ખાતે દેશના ૭૭મા પ્રજાસત્તાક દિવસની ગૌરવ અને દેશપ્રેમની ભાવના સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ અને સંસ્કૃત શક્તિ ગુરુકુળના બાળકો જોડાયા હતા. કાર્યક્રમમાં ધ્વજવંદન ભારત ભૂષણ મહેશભાઈ મહેતાની પુત્રી અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની સૌપ્રથમ ડોક્ટર બનેલી ભૂતપૂર્વ વિદ્યાર્થિની ડૉ. ઈશાબેન મહેતાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે શાળાના બાળકો અને કોલેજની દીકરીઓએ રાષ્ટ્રગાન અને નારાઓ સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. સંસ્થાના વડા ડૉ. રતિદાદાએ બાળકોને દેશ પ્રત્યે નિષ્ઠા અને રાષ્ટ્રપ્રેમ વિશે ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ડાયરેક્ટર શીતલબેન મહેતા, આચાર્ય અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી.



# ચલાલામાં જુમ્મા મસ્જિદના ઉદ્‌ઘાટનમાં ધાર્મિક ભાઈચારો જોવા મળ્યો



ચલાલા,તા.૨૯

ચલાલામાં રવિવારે કોમી એકતા અને અતૂટ ભાઈચારાની એક અનોખી મિસાલ જોવા મળી હતી. સમસ્ત સુન્ની મુસ્લિમ જમાત દ્વારા નિર્મિત અત્યાધુનિક અને કલાત્મક 'જુમ્મા મસ્જિદ'નો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે હિન્દુ અને મુસ્લિમ સમાજના ધર્મગુરુઓના મિલને સમગ્ર દેશ અને દુનિયાને શાંતિ અને સદ્‌ભાવનાનો મજબૂત સંદેશ પાઠવ્યો છે. આ કાર્યક્રમમાં દાન મહારાજની જગ્યાના મહંત પૂજ્ય વલકુબાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમ ખાતે જાપાનના પ્રતિનિધિ મંડળે મુલાકાત કરી

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલા-હાથસણી રોડ પર સ્થિત 'માનવ મંદિર' આશ્રમ ખાતે આજે એક પ્રેરણાદાયી મુલાકાત યોજાઈ હતી. જાપાનથી આવેલા ત્રણ સભ્યોના પ્રતિનિધિ મંડળે આશ્રમની મુલાકાત લઈ અહીં ચાલતી માનવતાવાદી પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું. હાલમાં આ આશ્રમમાં પૂજ્ય ભક્તિ બાપુની નિશ્રામાં ૫૮ જેટલી મનોરોગી બહેનો પુનઃજીવન પ્રાપ્ત કરવા માટે સારવાર અને સેવા મેળવી રહી છે. જાપાની ટીમે આશ્રમમાં ચા-પાણી પીધા બાદ ભક્તિ બાપુ સાથે સંવાદ કર્યો હતો અને ત્યારબાદ બહેનોની હોસ્ટેલ તથા વિવિધ પ્રવૃત્તિઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. ટીમના સભ્યોએ બહેનો સાથે પણ વાતચીત કરી હતી અને આશ્રમ પરિસરની સ્વચ્છતા તથા વ્યવસ્થા જોઈ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "ભારતમાં આવી ઉચ્ચ પ્રકારની અદ્‌ભુત સેવા થઈ રહી છે તે જોઈને અમને ગૌરવ થાય છે." ભક્તિ બાપુના નિઃસ્વાર્થ સેવાયજ્ઞને બિરદાવી ટીમે તેમને ખાસ અભિનંદન પાઠવ્યા હતા.



# સાવરકુંડલામાં સંત શામજી બાપુની ૪૩મી પુણ્યતિથિની ભવ્ય ઉજવણી થઈ

સાવરકુંડલા, તા. ૨૯



સાવરકુંડલા સ્થિત શ્રી કાનજી બાપુની જગ્યા ખાતે શ્રી ગુર્જર ક્ષત્રિય યુવક મંડળ તથા કડિયા યુવક મંડળ દ્વારા સતાધારના સંત પરમ પૂજ્ય શ્રી શામજી બાપુની ૪૩મી પુણ્યતિથિ મહોત્સવનું અત્યંત શ્રદ્ધાભેર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવના પ્રારંભે તા. ૨૬ જાન્યુઆરીના રોજ સત્કાર સમારંભ યોજાયો હતો. જેમાં કાનજી બાપુની જગ્યાના મહંત હસુબાપુ સહિતના સાધુ-સંતો અને સાવરકુંડલાના લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા અન્ય રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આંબરડી સફારી પાર્ક ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી

ધારી,તા.૨૯

દેશભરમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે ગીર (પૂર્વ) વન વિભાગ-ધારી દ્વારા રાષ્ટ્રપ્રેમ અને પર્યાવરણ જતનના ઉમદા ઉદ્દેશ્ય સાથે આંબરડી સફારી પાર્ક ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ અને નાયબ વન સંરક્ષક (IFS) વિકાસ યાદવના હસ્તે સવારે ૮:૩૦ કલાકે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. વિકાસ યાદવે પોતાના ઉદ્‌ બોધનમાં જણાવ્યું હતું કે, "રાષ્ટ્ર સર્વોપરી છે અને જીવમાત્રનું રક્ષણ કરવું એ આપણી પાયાની ફરજ છે. આ કાર્યક્રમની વિશેષતા એ રહી હતી કે વન વિભાગ અને જંગલના રક્ષક ગણાતા માલધારીઓ વચ્ચેની મિત્રતા પ્રતિત થઈ હતી.

સ્ટેજ પર નાથાભાઈ માલધારીને વિશેષ સ્થાન આપી વન વિભાગે માલધારી સમુદાય પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો.



# અમરેલી ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી દીકરીઓ સાથે કલેક્ટરનો સંવાદ

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે "બેટી બચાવો, બેટી પઢાઓ" યોજના હેઠળ જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને 'કોફી વીથ કલેક્ટર' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી દીકરીઓ સાથે જિલ્લા કલેક્ટરે પ્રેરણાત્મક સંવાદ સાધ્યો હતો. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં દીકરીઓ ભાગ લે ઉપરાંત પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરના હસ્તે લાભાર્થીઓને દીકરી વધામણા કીટ, હાઈજીન કીટ, શિક્ષણ કીટ, વ્હાલી દીકરી યોજના હેઠળ મંજૂરી હુકમનું વિતરણ કરવામાં આવ્યુ હતું સાથે સરકારની વિવિધ લોક કલ્યાણલક્ષી અને મહિલાલક્ષી યોજનાઓ વિષયક માહિતી આપવામાં આવી હતી.








# અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી શ્રી.સૌ.ત્રી. મેવાડા બ્રાહ્મણ સ્વ. ભુપતભાઈ વાલજીભાઈ ત્રિવેદી ઉંમર વર્ષ ૮૬ તે ગીરીશભાઈ, યોગેશભાઈ, પલ્લવીબેન નિકુંજભાઈ ઉપાધ્યાયના પિતાશ્રીનું તા ૨૯ ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું ૩૦ ને શુક્રવારના સાંજે ૪ થી ૬ ગાયત્રી મંદિર બગસરા ખાતે રાખેલ છે.






# સાવરકુંડલાના લુવારા ગામે વાડી વિસ્તારમાંથી સગીરાનું અપહરણ

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલાના લુવારા ગામે વાડી વિસ્તારમાંથી સગીરાનું અપહરણ થતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે સગીરાના પિતાએ છોટા ઉદેપુરના વિરપુરમાં રહેતા વિજયભાઈ દિનેશભાઈ નાયકા સામે તેમની પુત્રીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો.






### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૪૨/૨૦૨૫ — તા.૧૭/૦૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. પઠાણ ગુલશનબેન કાશમભાઈ
રહે.મુ.નવી મસ્જીદની સામેની શેરી, મણીનગર,
સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ-મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી,
સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી પઠાણ ગુલશનબેન કાશમભાઈનો જન્મ તા.૧૮/૧૦/૧૯૫૮ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૦૫/૨૦૨૬

અરજદારશ્રીઃ- રમેશભાઈ ભગુભાઈ પરમાર
રે.કૃષ્ણગઢ તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી કૃષ્ણગઢ-મીતીયાળા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથીતમોપક્ષકારોનેઆનોટીસઆપીસુચીતકરવામાંઆવેછેકે,અરજદારશ્રીનાપિતાશ્રી ભગુભાઈ ભાણાભાઈ પરમારનું મરણ તા.૦૧/૦૬/૧૯૮૫ ના રોજ મુ.કૃષ્ણગઢ-મીતીયાળા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૦૫/૨૦૨૬

અરજદારશ્રીઃ- મુકેશભાઈ ખોડાભાઈ પરમાર
રે.કૃષ્ણગઢ તા. સાવરકુંડલા જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી કૃષ્ણગઢ-મીતીયાળા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદા ઉકાભાઈ ભાણાભાઈ પરમારનું મરણ તા.૧૫/૦૬/૧૯૮૬ ના રોજ મુ.કૃષ્ણગઢ-મીતીયાળા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૯૭/૨૦૨૫ — તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. કનુભાઈ લાલજીભાઈ બારસીયા
રહે.પીઠવડી તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, પીઠવડી તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર બારસીયા નિતિનકુમાર કનુભાઈનો જન્મ તા.૧૭/૦૫/૧૯૯૦ ના રોજ મુ.પીઠવડી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ગજેરા કેમ્પસ - વિદ્યાસભામાં ૭૭મો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો

અમરેલી,તા.૨૯



અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભામાં ૨૬ જાન્યુઆરીના રોજ ૭૭મો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મુંબઈના સમસ્ત મહાજન પ્રમુખ ગિરીશભાઈ શાહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્ઘાટક રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન ગોરધનભાઈ ધામેલીયા હતા. ગજેરા કેમ્પસના સ્કૂલ-કોલેજના સંયુક્ત કાર્યક્રમમાં કોલેજ વિભાગના NCC કેડેટ્સે ભવ્ય પરેડ રજૂ કરી હતી. ત્યારબાદ જ્ઞાનશક્તિ સ્કૂલના વિદ્યાર્થીઓની બાંબુ કવાયતે સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કર્યું હતું, ડંબેલ-સ્કાફ દાવ તથા સમૂહ ગીત પ્રદર્શન તેમજ KG થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓએ દેશભક્તિની સાંસ્કૃતિક કૃતિઓ, પ્રદર્શનોએ વિદ્યાર્થીઓમાં રહેલી દેશપ્રેમની ભાવના અને શારીરિક-માનસિક સજ્જતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ISRO અને નેશનલ લેવલે સાયન્સ પ્રોજેક્ટ સિલેક્ટ થતા ૧)ભુકણ અનિરુધ્ધ ૨)ગુણા પીયુષ ૩)પટોળીયા દર્શાલીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, ઉપપ્રમુખ હેમેન્દ્રભાઈ મહેતા, બેચરભાઈ ભાદાણી, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, સરોજબેન ગજેરા, બકુલભાઈ ગજેરા તેમજ મુંબઈથી ડૉ. રાજેશ શર્મા, હિતેશભાઈ મહેતા, ડૉ.પુનીત મશરૂ, ડૉ. નિકિતા મશરૂ, ડૉ.ઉમેશ શામજી સાંગોઈ, સમીરભાઈ શાહ, ધીરેનભાઈ શાહ, સંજયભાઈ શાહ, રાહુલભાઈ દેસાઈ, વિનય બારડોલીયા, કેતનભાઈ શાહ, શૈલેષભાઈ કથીરિયા, શૈલેષભાઈ વઘાસિયા, દિનેશભાઈ ભુવા, નિલેશભાઈ બાંભરોલીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, સામાજિક, રાજકીય આગેવાનો પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાની સંઘવી કોલેજમાં સાયબર ક્રાઈમ જાગૃતિ અંતર્ગત સેમિનાર યોજાયો

રાજુલા,તા.૨૯


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાની એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે સાયબર ક્રાઈમ જાગૃતિ અંતર્ગત આજે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રાહક સુરક્ષા તથા પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ સેમિનાર યોજાયો હતો, જેમાં રાજુલાના પી.એસ.આઈ. એસ. બી. જાની તથા યુ.એલ.આર. ડી. ભોળાભાઈ ભૂકણ તથા ડબલ્યુ.એ.પી.સી. પ્રિયંકાબેન જાની, સાયબર ક્રાઈમ વિષય તજજ્ઞ ભાવેશભાઈ ભાલીયા, કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. જીગ્નેશભાઈ વાજા તથા અન્ય સુરક્ષા કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત તથા પ્રાસંગિક ઉદ્બોધન કોલેજ પ્રિન્સિપાલ ડૉ.રીટાબેન રાવળે કરેલ. સમગ્ર કાર્યક્રમના અંતમાં પ્રશ્નોતરી કરવામાં આવેલ, જેમના સંતોષકારક ઉત્તર તજજ્ઞો દ્વારા આપવામાં આવેલ. આભાર દર્શન પ્રો. નેહાબેન દરજીએ કરેલ.

# હાથસણી ગામના યુવકનો કિંમતી મોબાઈલ અમરેલી-બગસરા હાઈવે પર ખોવાયો

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલાના હાથસણી ગામના એક યુવકનો પોતાનો કિંમતી મોબાઈલ ફોન ખોવાયો હતો. યુવક જ્યારે સાવરકુંડલાથી બગસરા તાલુકાના ખારી ખીજડીયા ગામે પોતાનો છકડો રિક્ષા લઈને જઈ રહ્યો હતો, ત્યારે આ ઘટના બની હતી. અનિલભાઈ દિનેશભાઈ ટીમાણીયા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, જ્યારે તેઓ અમરેલી-બગસરા હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ટીંબલા ગામના પાટીયા પાસે તેના પાછળના ખિસ્સામાં રાખેલો વીવો (Vivo) કંપનીનો Y૨૯ 5G મોડેલનો મોબાઈલ ફોન ભૂલથી રસ્તામાં ક્યાંક પડી ગયો હતો. જેની કોઈ શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. જોશી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં ગાળાગાળીથી કંટાળી મહિલાએ ફિનાઈલ પી લેતા ચકચાર

બગસરા, તા.૨૯

બગસરા શહેરમાં પાડોશી અથવા પરિચિત (સામાવાળા) દ્વારા સતત આપવામાં આવતી ગાળો અને માનસિક ત્રાસથી કંટાળીને એક વ્યક્તિએ ફિનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી હતી. હાલ ભોગ બનનારને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વિલાસબેન વિજયભાઈ પરમાર (ઉ.વ.૩૨) એ નયનાબેન રમેશભાઈ મારૂ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, બગસરામાં રહેતા ફરિયાદીને આ કામના સામાવાળા પક્ષ દ્વારા છેલ્લા છ મહિનાથી સતત ગાળો આપી હેરાન કરવામાં આવતા હતા. ગત તારીખ ૨૬/૦૧/૨૦૨૬ના રોજ જ્યારે ફરિયાદી પોતાના ઘરે હાજર હતા, ત્યારે સામાવાળાએ ફરી એકવાર ઘર પાસે આવીને જાહેરમાં બિભત્સ ગાળો આપી હતી. સામાવાળાની આ ‘ભુંડાબોલી’ ગાળો અને સતત થઈ રહેલા અપમાનથી કંટાળીને ફરિયાદીએ અત્યંત ક્ષોભજનક સ્થિતિમાં આવી પોતાના ઘરે પડેલી ફિનાઈલની બોટલમાંથી ફિનાઈલ પી લીધું હતું. ઘટનાને પગલે પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી અને તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના પી.ડી. કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામેથી ૭ લીટર દેશી દારૂ પકડાયો

જાફરાબાદ, તા.૨૯

અમરેલી જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ ડામી દેવા પોલીસ સતર્ક બની છે, ત્યારે જાફરાબાદના મોટા માણસા ગામે પોલીસે બાતમીના આધારે દરોડો પાડી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જોકે, દરોડા દરમિયાન આરોપી પોલીસને હાથ લાગ્યો ન હતો. આ દરોડા દરમિયાન પોલીસે અંદાજે ૭ લીટર દેશી દારૂ કિંમત રૂ. ૧,૪૦૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે પોલીસ દ્વારા આ દરોડો પાડવામાં આવ્યો ત્યારે આરોપી સ્થળ પર હાજર મળી આવ્યો ન હતો. પોલીસે મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. લાઠી, સાવરકુંડલા, વડ અને લીલીયામાંથી એક-એક ઈસમ કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલામાં પિતાએ કામ બાબતે ઠપકો આપતા પુત્રીએ ઝેરી દવા પીધી

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામેથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. પિતાએ કામકાજ બાબતે ઠપકો આપતા મનમાં ઓછું લાવીને એક યુવતીએ અનાજમાં નાખવાની ઝેરી દવા (ટીકડા) ગળી લેતા સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ અંગે મહંમદભાઈ હુસેનભાઈ સવટ (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમણે તેની પુત્રી સુમનબેન મહંમદભાઈ સવટ (ઉ.વ.૨૦)ને કામ કરવા બાબતે શિખામણ અથવા ઠપકો આપ્યો હતો. પિતાનો આ ઠપકો મનમાં લાગી આવતા તેણે ઘરમાં રહેલી અનાજમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. યુવતીની તબિયત લથડતા તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે મીતીયાળા ગામ સહિત પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના પાણીયા ગામેથી માતા સાથે વાડીએ ખેતીકામ કરવા ગયેલી યુવતી ગુમ

અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લામાંથી વધુ ત્રણ લોકો ગુમ થયા હતા. પાણીયા ગામેથી માતા સાથે વાડીએ ખેતીકામ કરવા ગયેલી યુવતી ગુમ થઈ હતી. આ અંગે વર્ષાબેન બાબુભાઈ ડાભી (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, કલ્પનાબેન બાબુભાઈ ડાભી (ઉ.વ.૧૮) તેની માતા સાથે વાડીએ ખેતીકામ કરવા ગઈ હતી. જ્યાંથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. બીજા બનાવમાં રાજુલામાં રહેતા સુનીલભાઈ ભાવેશભાઈ શિયાળ (ઉ.વ.૨૮) એ જાહેર કર્યા મુજબ, તેમના મોટા ભાઈ અજયભાઈ ભાવેશભાઈ શિયાળ ઘરેથી કોઈને જાણ કર્યા વગર પોતે પોતાની રીતે મકાનેથી નીકળી ક્યાંક જતા રહ્યા હતા. ત્રીજા બનાવમાં ખાંભાના ડેડાણ ગામે રહેતા સંજયભાઈ મગનભાઈ ગરેણીયા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની લક્ષ્મીબેન તા.૧૪/૦૧/૨૦૨૬ ના સવારના આશરે નવેક વાગ્યાના સમય દરમ્યાન ડેડાણ ગામેથી કોઈને કહ્યા વગર કયાંક જતા રહ્યા હતા. આજદીન સુધી પરત ફર્યા નથી.

# અમરેલી આઈટીઆઈ ખાતે આજે સ્કિલ એક્સપો યોજાશે

**જિલ્લાની તમામ હાઈસ્કૂલો તથા વોકેશનલ કોર્ષ ચલાવતી શાળાઓના વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો સાથે સ્કિલ એક્સપોની મુલાકાત લેવા આમંત્રણ**

અમરેલી,તા.૨૯

અમરેલી આઈ.ટી.આઈ. ખાતે તા. ૩૦ જાન્યુઆરીના રોજ સ્કિલ એક્સપો યોજાશે. આ સ્કિલ એક્સપોનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં કુશળતા વિકાસ અંગે જાગૃત્તિ લાવવાનો, વ્યાવસાયિક અને ટેક્નિકલ શિક્ષણના વિવિધ વિકલ્પો અંગે માહિતી આપવાનો તથા ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે સેતુ બાંધવાનો છે. આ સ્કિલ એક્સપો દરમિયાન આઈ.ટી.આઈ. અમરેલી ખાતે ચાલતા વિવિધ ટ્રેડ્સના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ મોડેલ્સ, પ્રોજેક્ટસ, પ્રાયોગિક કુશળતાનું પ્રદર્શન કરવામાં આવશે. તેમજ ડ્રોન ટેક્નોલોજી જેવા કોર્ષ વિષયક માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રસંગે અમરેલી જિલ્લાની તમામ હાઈસ્કૂલો તથા વોકેશનલ કોર્ષ ચલાવતી શાળાઓના વિદ્યાર્થીઓને તેમના શિક્ષકો સાથે સ્કિલ એક્સપોની મુલાકાત લેવા આમંત્રણ આપવામાં આવે છે. જેથી તેઓ ભવિષ્યમાં ટેક્નિકલ અને શિક્ષણ તરફ પ્રેરાઈ શકે તેમ આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા.૩૦-૦૧-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

તા.૩૦-૦૧-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્રોત પણ મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો છે. આજે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે.

મિથુન: આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે.

કર્ક: તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે.

સિંહ: આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે.

કન્યા: કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો.

તુલા: આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો.

વૃશ્ચિક: આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઇક પ્લાન કરી શકો છો.

ધન: આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો.

મકર: આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

કુંભ: આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે.

# કુંકાવાવના નાજાપુર ગામે મેડિકલ સાધન સહાય સેન્ટરનો પ્રારંભ

બગસરા,તા.૨૯


તસવીર : હાર્દિક બામટા

કુંકાવાવ તાલુકાના નાજાપુર ગામે મેડિકલ સાધન સેવા સહાય સેન્ટરનો પ્રારભ કરવામાં આવ્યો હતો. સમાજમાં શારીરિક બિમારીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે, તેવા સમયે ગ્રામીણ લોકોને સ્થાનિક લેવલે જરૂરી સગવડો મળી રહે, તેવી ભાવનાથી વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા, બગસરાના વતની હિતેશભાઈ પ્રવીણચંદ્ર દેસાઈ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી સ્વ.વસુમતીબેન પ્રવીણચંદ્ર દેસાઈના સ્મરણાર્થે, અન્નપૂર્ણા મિત્ર મંડળ નાજાપુર દ્વારા તા.૨૭ જાન્યુઆરીના રોજ, એક વિનામૂલ્યે મેડિકલ સાધન સહાય સેન્ટરનો શુભારંભ કરવામાં આવેલ છે, જેમાં અલગ અલગ ૧૪ પ્રકારના સાધનો લોકોની સેવાર્થે રાખવામાં આવેલ છે. અંતરીયાળ ગામમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે, ગામના સેવાભાવી નાગરિકો અને ગામની પ્રાથમિક શાળાના પૂર્વ આચાર્ય મધુભાઈ ભુવાએ જહેમત ઊઠાવી હતી,

# સુરતના સરથાણામાં બગસરા પંથકની યુવતી પર સાસરિયાએ સિતમ ગુજાર્યો

**સાસુ-સસરા, જેઠ-જેઠાણીની ચડામણીથી પતિએ મુંઢમાર માર્યો**

બગસરા, તા.૨૯

બગસરાના હાલરિયા ગામની યુવતી પર સુરતમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. આ અંગે વૃતિકાબેન નિકુંજભાઈ કાથરોટીયા (ઉ.વ.૨૭)એ પતિ નિકુંજભાઈ રમેશભાઈ કાથરોટીયા, જેઠ દિવ્યેશભાઈ રમેશભાઈ કાથરોટીયા, જેઠાણી સોનલબેન દિવ્યેશભાઈ કાથરોટીયા, સસરા રમેશભાઈ પ્રાગજીભાઈ કાથરોટીયા તથા સાસુ અનસુયાબેન રમેશભાઈ કાથરોટીયા સામે ફરિયાદ નોંધાવી હતી. સાસુ-સસરા, જેઠ-જેઠાણીની ચડામણીથી પતિએ મુંઢમાર માર્યો હતો. બધાએ એકસંપ કરી તેમને મેણાટોણા મારી શારીરિક તથા માનસિક દુ:ખ ત્રાસ આપ્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.એસ. મીગ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે દેશભક્તિના માહોલમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી

સાવરકુંડલા, તા.૨૯



રાષ્ટ્રના ૭૭મા પ્રજાસત્તાક દિન નિમિત્તે સાવરકુંડલા સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે દેશભક્તિ અને ઉત્સાહ સાથે ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે સંસ્થાના શૈક્ષણિક પરિવાર અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કોઠારી અક્ષર મુક્ત દાસજી સ્વામીના હસ્તે ગૌરવભેર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્રિરંગાને સલામી આપી રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુરુકુળના તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ હાજર રહી રાષ્ટ્રધ્વજને વંદન કર્યા હતા. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી અને પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ગણતંત્ર દિવસ એ માત્ર એક ઉત્સવ નથી, પરંતુ આપણા બંધારણીય અધિકારોની સાથે આપણી ફરજ પ્રત્યે જાગૃત થવાનો દિવસ છે. તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા પ્રેરણા પૂરી પાડી હતી.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૯



અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૨૬મી જાન્યુઆરીએ ૭૭મો પ્રજાસત્તાક પર્વ ખૂબ જ ઉમંગ, ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમના વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષણગણ અને સંચાલક તથા આમંત્રિત મહેમાનો જોડાયા હતા. આ પ્રસંગે શાળાના પટાંગણમાં મીટ્ટી કિ ખુશ્બુ નામે એક પર્યાવરણ અને દેશભક્તિ પ્રદર્શનનું આયોજન કરેલ છે. ધ્વજવંદન અતિથિ વિશેષ અનિલભાઈ વેકરીયા, સૌરાષ્ટ્ર નાગરિક સહકારી મંડળી બગસરાના ચેરમેનના હસ્તે કરાવવામાં આવેલ. આ પ્રસંગે ભાનુભાઈ કિકાણી તેમજ સંવેદન ગ્રુપના અગ્રણી વિપુલભાઈ ભટ્ટી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયાએ રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા અને સારા નાગરિક બની રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરવા આહ્વાન કર્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પ્રાસંગિક વક્તવ્ય તેમજ દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા.

**તંત્રી લેખ**

# અજિત પવાર બાદ મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારનું પ્લેન ક્રેશ થતા અવસાન થયું બીજી બાજુ એનસીપીમાં નેતૃત્વનું સંકટ સર્જાયું છે. મહારાષ્ટ્રનું રાજકારણ હંમેશાં વ્યક્તિઓની આસપાસ ફરતું રહ્યું છે. વિચારધારાઓ, સંગઠનો અને ગઠબંધનો કરતાં અહીં નેતૃત્વનું વજન વધુ રહ્યું છે. એવા સમયે, એનસીપીના નેતા અને છ વખત ડેપ્યુટી મુખ્યમંત્રી રહેલા અજિત પવારના નિધનથી રાજ્યના રાજકીય માળખામાં એક મોટો ખાલીપો સર્જાયો છે. આ ખાલીપો માત્ર એક પક્ષ પૂરતો સીમિત નથી, પરંતુ તેની અસર સત્તા, સંગઠન અને ગઠબંધન ત્રણે સ્તરે જોવા મળશે. અજિત પવાર માત્ર એનસીપીના નેતા નહોતા, પરંતુ મહાયુતિ સરકારમાં ભાજપ માટે એક મહત્વપૂર્ણ 'સંતુલનકાર' હતા. ગત વિધાનસભા ચૂંટણીમાં તેમના નેતૃત્વ હેઠળ એનસીપીએ ૪૧ બેઠકો જીતી એ ભાજપ માટે સંજીવની સમાન હતું. એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેના સત્તા સંતુલનમાં અજિત પવાર ભાજપ માટે એક સુરક્ષા કવચ હતા. હવે તેમની ગેરહાજરીમાં ભાજપને ફરીથી આ રાજકીય ટેકો શોધવો પડશે જે સરળ કામ નથી. અજિત પવારની રાજકીય સફર અનોખી રહી. કોંગ્રેસ, શિવસેના અને ભાજપ ત્રણે સાથે સત્તામાં રહી ચૂકેલા અજિત પવાર વ્યવહારુ રાજકારણના પ્રતિનિધિ ગણાતા હતા. મુખ્યમંત્રી બનવાનું સ્વપ્ન અધૂરું રહ્યું, પરંતુ ૨૦૨૩માં શરદ પવારથી અલગ થઈ એનસીપી તોડવી, પાર્ટીનું નામ અને ચિન્હ મેળવવું અને ત્યારબાદ ચૂંટણીમાં સફળતા મેળવવી આ તેમની સૌથી મોટી સિદ્ધિઓ રહી. તેમણે સાબિત કર્યું કે સંગઠન પર પકડ અને ચૂંટણી વ્યવસ્થાપન દ્વારા વિચારધારાની દીવાલો લાંઘી શકાય છે. પરંતુ હવે પ્રશ્ન એ છે કે અજિત પવાર બાદ એનસીપીનું નેતૃત્વ કોણ સંભાળશે? વાસ્તવિકતા એ છે કે પાર્ટીમાં હાલ ત્રણ અલગ-અલગ શક્તિ કેન્દ્રો દેખાય છે પરિવાર, નજીકના સહયોગીઓ અને પ્રાદેશિક નેતાઓ. પત્ની સુનેત્રા પવાર રાજ્યસભાના સભ્ય હોવા છતાં સંગઠન ચલાવવાનો અથવા વહીવટી અનુભવ ઓછો છે. પુત્ર પાર્થ પવારનું નામ પણ ચર્ચામાં છે, પરંતુ સક્રિય રાજકારણથી તેમની દૂરી તેમને તાત્કાલિક વિકલ્પ બનતા અટકાવે છે. બીજી તરફ, પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે જેવા અનુભવી નેતાઓ સંગઠન સંભાળવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ અજિત પવાર જેવી સર્વમાન્ય સ્વીકાર્યતા અને નિર્ણયક્ષમતા તેમની પાસે નથી. પરિણામે એનસીપીમાં નેતૃત્વનું સંકટ ઊભું થયું છે અને આવા સંકટોમાં પક્ષો સામાન્ય રીતે વિભાજન અથવા વિલીનીકરણ તરફ ધકેલાય છે. આ સંજોગોમાં ફરી એકવાર સૌની નજર ૮૫ વર્ષના શરદ પવાર પર સ્થિર થઈ છે. રાજકારણમાંથી નિવૃત્તિના સંકેતો આપ્યા બાદ પણ શરદ પવાર ફરી કેન્દ્રમાં આવતા જણાય છે. તાજેતરની ચૂંટણીમાં આવેલા આંચકાઓ બાદ એનસીપીના બંને જૂથો વચ્ચે નજીક આવવાના સંકેતો મળ્યા હતા. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં બંને જૂથો સાથે આવ્યા છે અને અજિત પવારે પોતે જ પક્ષના વિલીનીકરણની વાત કરી હતી. જો અજિત પવારના ૪૧ ધારાસભ્યો શરદ પવાર તરફ વળે છે, તો રાજ્યનું રાજકીય ગણિત એકાએક બદલાઈ શકે છે. આવું બન્યું તો શરદ પવાર ફરીથી 'કિંગમેકર'ની ભૂમિકામાં આવી શકે છે જે ભૂમિકા તેમણે દાયકાઓથી સફળતાપૂર્વક ભજવી છે.

# નકામા ગણાતા નંદી પાવર જનરેશન કરીને નંદનવનનું સર્જન કરશે





**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

એક સમય એવો હતો જ્યારે ભારતીય ખેતીની ઓળખ જ નંદી એટલે કે બળદ સાથે જોડાયેલી હતી. ખેતર ખેડવાનું કામ હોય, કૂવામાંથી પાણી કાઢવાનું હોય કે ગાડું ખેંચવાનું હોય, દરેક જગ્યાએ બળદ ખેડૂતનો વિશ્વાસુ સાથી હતો. ગામડાંની જીવનશૈલીમાં બળદ માત્ર પશુ નહોતો, પરંતુ પરિશ્રમ, ધીરજ અને નિષ્ઠાનું જીવંત પ્રતીક ગણાતો. સમય બદલાયો, ટેક્નોલોજી આવી અને ખેતીમાં ટ્રેક્ટર તથા મશીનરીનો પ્રવેશ થયો. પરિણામે બળદ ધીમે ધીમે ખેતીમાંથી બહાર થવા લાગ્યો અને જે પશુ એક સમય ખેતીનો આધાર હતો તે આજે ઉપેક્ષાનો ભોગ બન્યો. આજે સ્થિતિ એવી છે કે અનેક બળદો અને આખલાઓ શહેરો, નગરો અને ગામડાંની ગલીઓમાં રખડતા નજરે પડે છે. ક્યાંક ટ્રાફિક માટે નડતરરૂપ બને છે, ક્યાંક અકસ્માતનું કારણ બને છે તો ક્યાંક ભૂખ, તરસ અને રોગનો ભોગ બને છે. ગાય માટે ગૌશાળા અને પાંજરાપોળોની વ્યવસ્થા તો રાજ્યભરમાં જોવા મળે છે, પરંતુ બળદો માટે અલગથી વ્યવસ્થિત આશ્રયસ્થાનોની અછત લાંબા સમયથી અનુભવી શકાય તેવી હતી. આવા સમયમાં કચ્છના અંજારમાં ઉભી થયેલી ગોવર્ધન નંદીશાળા એક આશાનું કિરણ બની છે. રાજસ્થાનના એક સંતની હાકલથી પ્રેરણા લઈને કચ્છના એક સંતે મનમાં દૃઢ સંકલ્પ બાંધ્યો કે નંદીઓ માટે પણ સન્માનજનક જીવન હોવું જોઈએ. આ વિચારમાંથી જન્મ્યું ગોવર્ધન નંદીશાળાનું સ્વપ્ન. આજે અંજારના સીમાડે આવેલી આ નંદીશાળામાં સાતસોથી વધુ બળદોની સંભાળ લેવામાં આવે છે. આ માત્ર આશ્રયસ્થાન નથી, પરંતુ નંદીઓ માટે નંદનવન સમાન એક પરિવાર છે, જ્યાં તેમને આદર, કાળજી અને સંરક્ષણ મળે છે. શિયાળાની ઠંડીમાં જ્યારે માણસ પણ સ્વેટર, શૉલ અને ધાબળાનો સહારો લે છે ત્યારે અંજારમાં આવેલા આ નંદીઓ માટે વિશાળ હીટરોની વ્યવસ્થા કરવામાં આવી છે. બળદો માટે હીટરનો વિચાર સાંભળતાં જ અચરજ થાય, પરંતુ અહીં નંદીને માત્ર પશુ નહીં, જીવંત સજીવ તરીકે માન આપવામાં આવે છે. ગરમી હોય કે ઠંડી, વરસાદ હોય કે ઉનાળો, બારેય મહિના તેમની સુખાકારીનું ધ્યાન રાખવામાં આવે છે. આ નંદીશાળા એ સાબિત કરે છે કે માનવ સંવેદના અને સેવાભાવથી કોઈપણ કાર્ય અસાધારણ બની શકે છે. કચ્છની ધરા દાન અને પુણ્ય માટે જાણીતી છે. અહીંના સેવાભાવી લોકો નંદીશાળામાં સેવા કરીને પુણ્યનું સદ્કાર્ય કરે છે. કોઈ ચારો આપે છે, કોઈ દવાઓ માટે સહાય કરે છે તો કોઈ પોતાનો સમય આપી નંદીઓની દેખભાળમાં જોડાય છે. આ સંયુક્ત પ્રયાસથી નંદીશાળા માત્ર સંસ્થા નહીં પરંતુ એક જીવંત આંદોલન બની ગઈ છે, જે ભૂલાયેલા બળદોને ફરીથી સમાજમાં સ્થાન અપાવે છે. આજે ખેતીમાં બળદનો પરંપરાગત ઉપયોગ ઘટ્યો છે, પરંતુ તેનો અર્થ એ નથી કે બળદ બિનઉપયોગી બની ગયો છે. ભાવનગરની સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટમાં થયેલા સંશોધન દર્શાવે છે કે બળદની શક્તિનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ કરીને વીજળી ઉત્પન્ન કરી શકાય છે. ગોળ ફેરવવાની પદ્ધતિથી બળદની તાકાત ઊર્જામાં રૂપાંતરિત કરવાની સંભાવનાઓ ખુલ્લી થઈ છે. જો આવા પ્રયાસોને પ્રોત્સાહન મળે તો બળદ ફરી એકવાર માનવજીવન માટે ઉપયોગી બની શકે છે. રસ્તા પર રખડતા ઢોર, જેમાં ગાય સાથે બળદ અને આખલાઓ પણ સામેલ છે, આજે એક મોટી સામાજિક સમસ્યા બની ગઈ છે. અનેક અકસ્માતો અને જાનહાનિના બનાવો તેનું દુઃખદ ઉદાહરણ છે. આવી સ્થિતિમાં ગૌશાળા અને નંદીશાળા જેવી સંસ્થાઓ સુરક્ષા અને સંરક્ષણ માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહી છે. જ્યાં પશુઓને આશ્રય મળે છે ત્યાં સમાજને પણ રાહત મળે છે. ગોવર્ધન નંદીશાળા માત્ર બળદોને બચાવવાનો પ્રયાસ નથી, પરંતુ માનવીય મૂલ્યોને જીવંત રાખવાનો પ્રયાસ છે. ટેક્નોલોજીના યુગમાં જ્યારે ઉપયોગિતાના આધાર પર સંબંધો નક્કી થાય છે, ત્યારે આ નંદીશાળા આપણને યાદ અપાવે છે કે સેવા, કરુણા અને કૃતજ્ઞતા પણ જીવનના મહત્વના આધારસ્તંભ છે. જે પશુએ પેઢીઓ સુધી ખેડૂતના ખેતરો ખેડી દેશનું પેટ ભર્યું, તેને આજે સન્માનજનક જીવન આપવું એ સમાજની જવાબદારી છે. અશક્ત ગાયો અને આખલાઓ ભલે નકામા ગણાતા હોય પરંતુ તે ઉપયોગી છાણ અને ગૌમૂત્ર આપે છે જેની મદદથી બાયોગેસનું ઉત્પાદન થઈ શકે છે. આ ગેસને કંમ્પ્રેસ કરીને બાટલામાં ભરીને રાંધણ ગેસની જેમ પણ ઉપયોગ થઈ શકે છે જે હવે ગુજરાતમાં પણ બને છે. બાકી જે છાણ વધે તેના છાણા બનાવીને ઉપયોગ કરવામાં આવે તો ઊર્જા સમસ્યાનો અંત આવે. છાણાનો જમાનો નથી કારણ કે તેનાથી ધુમાડો થાય છે આ માટે આધુનિક ચૂલા એવા બન્યા છે કે જેના કારણે ધુમાડાથી ગામડાની બહેનોની આંખો ખરાબ થતી નથી આ ઉપરાંત આ છાણમાંથી એવી કેક બનાવવામાં આવી છે જેમાં ધુમાડો થાય નહીં અને રસોઈ માટે પૂરતી ઊર્જા મળે આ માટે પણ સંશોધનો થઈ ચૂક્યા છે. મતલબ કે જેને નકામા ગણવામાં આવે છે તે હવે નકામા નથી રહ્યા તે પણ ઉર્જાના ઉત્પાદક બની શકે છે.

હવે કચ્છની વાત કરીએ અંજારની નંદીશાળા એ દિશામાં એક પ્રેરક ઉદાહરણ છે. ભવિષ્યમાં જો આવા પ્રયાસો અન્ય વિસ્તારોમાં પણ થાય અને બળદની શક્તિનો નવીન રીતે ઉપયોગ થાય, તો નંદી ફરી એકવાર સમાજ માટે આશીર્વાદરૂપ બની શકે છે. નંદીથી નંદનવન સુધીની આ સફર માત્ર બળદોની નથી, પરંતુ માનવ સંવેદનાની પણ છે, જે આપણને વધુ માનવતાવાદી સમાજ તરફ લઈ જાય છે.

**ટ્રેક્ટર આવતા હવે હળ અને બળદનો જમાનો ધીમે ધીમે અસ્ત થઈ રહ્યો છે. બળદને ગાડામાં જોડવામાં આવતા તે ગાડાની જગ્યાએ ઇલેક્ટ્રીક વાહન આવી ગયા. એક સમયે કૂવામાંથી પાણી કાઢવા માટે બળદનો ઉપયોગ થતો હવે વર્ટિકલ ટર્બાઇન પંપ આવી ગયા. આમ બળદનો ઉપયોગ નહિવત થઈ જતા બળદ બિચારા બની ગયા પરંતુ ભાવનગરની સંશોધન સંસ્થા સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા બુલ પાવરનો ઉપયોગ કરીને પાવર જનરેટ કરવાના સફળ પ્રયોગો કર્યા છે. આગામી સમયમાં બળદ હવે બિચારા નહીં રહે જોકે હાલ ગૌશાળાની જેમ નંદીશાળાઓ પણ શરૂ થઈ ચૂકી છે!!**

# શબ્દ સંજોગ-૨૧૪૦



**આડી ચાવી :**
(૧) ગાંધીજીએ આ ગામે સત્યાગ્રહ માટે કૂચ કરેલી (૨)
(૨) વેચવું તે (૩)
(૪) સંખ્યાની નિશાની (૨)
(૬) બીના, બાબત (૩)
(૭) દહીં વલોવવાથી નીકળતું સત્વ (૩)
(૮) ગોઠવણ, વ્યવસ્થા (૩)
(૧૦) નાળચાવાળો લોટો (૩)
(૧૪) .....સે જયોત જલાવો (૨)
(૧૫) ઝાકળ (૩)
(૧૭) બાજુ પરનો કકડો (૨)
(૨૦) ચાનું અંગ્રેજી (૧)
(૨૧) કાર્તિકેય (૪)
(૨૫) એક શાક (૨)
(૨૬) પાઠ, ઘડો (૩)
(૨૭) ગળ્યુ બહુ ખાઓ તો દાંતમાં મારે (૩)
(૨૮) દાબવુ તે, દબાણ (૨)
(૨૯) માલ મિલકત, દોલત (૨)

**ઉભી ચાવી :**
(૧) કાંસકો (૩)
(૨) ગતિ, ઝડપ (૨)
(૩) એક પક્ષી (૩)
(૪) નયન, લોચન (૨)
(૫) બાંધેલો લોટ (૩)
(૬) વગર, સિવાય (૨)
(૭) દૂધ ઉકાળી કરાતો ઘટ્ટ પદાર્થ (૨)
(૯) ગુનાસર દંડરૂપે કબજે કરેલું (૩)
(૧૧) ઓડકાર (૩)
(૧૨) વખાણ, પ્રશંસા (૨)
(૧૩) નરઘાં ઉપર જોરથી દેવાતો તાલ (૨)
(૧૪) વેદના અંગોમાંનું એક (૩)
(૧૬) પદાર્થ, ચીજ (૨)
(૧૮) કપનો સાથીદાર (૩)
(૧૯) લક્ષ, એકાગ્રતા (૨)
(૨૨) દયા.....ને ખાય (૩)
(૨૩) મોટી નદી (૨)
(૨૪) ધંધો, રોજગાર (૩)
(૨૫) એક ખાટુ ફળ (૩)

# શબ્દ સંજોગ-૨૧૩૯ જવાબ

**આડી ચાવી:** (૧) હૃદયકુંજ (૭) જભન(ભજન) (૮) દવાત (૯) યવન (૧૧) સેવન (૧૨) ગોવા (૧૩) હત (૧૬) કૂખ (૧૭)સ્વસ્તિક (૧૮)સબક (૨૦)જરા (૨૨)ખો (૨૩)વીરપુર (૨૫) જનક (૨૭) ટેન (૨૮) રસ (૨૯) લાભ (૩૦) સગું.
**ઉભી ચાવી:** (૧) હૃદય (૨) યજન (૩) કુંભ (૪) જનસેવા (૫) સ્યંદન (૬) સ્યૂત (૧૦) વર્મા (૧૨) ગોખ (૧૩) હસ્તિનાપુર (૧૪) તક (૧૫) વ્યાસ (૧૬) કૂક (૧૯) બદન (૨૧) રાવીનસ(વીરાસન) (૨૪) રસના (૨૫) જક (૨૬) કલા.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૯૩ |
| જુવાર સફેદ | ૯૨૧ | ૧૦૯૩ |
| બાજરી | ૩૪૫ | ૩૯૫ |
| મકાઇ | ૨૭૦ | ૩૪૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૭૧૮ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૧૨૫ |
| ચણા સફેદ | ૧૦૫૫ | ૧૮૯૯ |
| અડદ | ૧૦૩૦ | ૧૭૧૦ |
| મગ | ૧૦૯૦ | ૧૮૫૧ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૧૧૫ |
| ચોળી | ૮૦૦ | ૧૫૨૩ |
| મઠ | ૧૦૫૧ | ૨૦૩૮ |
| વટાણા | ૩૫૦ | ૧૩૫૦ |
| કળથી | ૩૪૨ | ૪૭૫ |
| રાજમા | ૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૨૩૦ | ૧૬૦૩ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૭૦૦ |
| તલી | ૧૫૬૬ | ૨૧૨૧ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૪૧ |
| અજમો | ૧૧૦૦ | ૨૩૦૦ |
| સોયાબીન | ૧૦૩૦ | ૧૧૩૨ |
| સીંગફાડા | ૧૦૭૪ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૯૦૦ |
| લસણ | ૧૦૨૫ | ૧૫૯૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૦૦૧ |
| મરચા સુકા | ૨૯૦૦ | ૫૮૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૨૩૯૨ |
| વરીયાળી | ૨૦૫૦ | ૨૦૫૦ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૫૨૧ |
| રાય | ૧૧૫૦ | ૧૬૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૮૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૯ | ૪૩૧ |
| પપૈયા | ૫૩ | ૧૪૭ |
| બટેટા | ૧૦૪ | ૨૨૬ |
| ડુંગળી સુકી | ૬૬ | ૩૧૧ |
| ટમેટા | ૨૯૧ | ૪૧૧ |
| સુરણ | ૫૬૩ | ૮૨૩ |
| કોથમરી | ૧૯૭ | ૨૬૭ |
| મુળા | ૨૦૭ | ૪૦૯ |
| રીંગણા | ૨૩૮ | ૪૩૮ |
| કોબીજ | ૭૮ | ૧૩૬ |
| ફ્લાવર | ૨૧૭ | ૪૯૮ |
| ભીંડો | ૪૫૩ | ૯૯૮ |
| ગુવાર | ૧૦૧૭ | ૧૯૨૩ |
| ચોળાસીંગ | ૫૩૫ | ૯૨૧ |
| વાલોળ | ૨૪૫ | ૫૨૪ |
| ટીંડોળા | ૫૯૬ | ૧૧૯૬ |
| દુધી | ૧૭૩ | ૩૯૩ |
| કારેલા | ૬૮૪ | ૯૯૪ |
| સરગવો | ૫૯૧ | ૧૧૯૮ |
| તુરીયા | ૬૭૬ | ૧૧૧૫ |
| પરવર | ૧૬૧૧ | ૧૯૯૮ |
| કાકડી | ૨૨૬ | ૭૩૭ |
| ગાજર | ૧૫૩ | ૨૭૬ |
| વટાણા | ૩૦૯ | ૪૮૭ |
| તુવેરસીંગ | ૩૩૫ | ૫૬૮ |
| ગલકા | ૬૧૧ | ૯૯૪ |
| બીટ | ૧૦૭ | ૨૩૫ |
| મેથી | ૧૦૩ | ૨૩૮ |
| વાલ | ૪૩૯ | ૬૭૯ |
| ડુંગળી લીલી | ૨૧૮ | ૩૯૬ |
| આદુ | ૧૦૨૧ | ૧૨૪૩ |
| ચણા લીલા | ૧૦૬ | ૩૨૬ |
| મરચા લીલા | ૪૨૧ | ૬૯૮ |
| હળદર લીલી | ૪૩૯ | ૭૦૪ |
| લસણ લીલું | ૪૨૭ | ૯૧૧ |
| મકાઇ લીલી | ૧૩૯ | ૩૧૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૧૧ | ૧૫૯૬ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૧૨ |
| મગફળી જીણી | ૧૨૯૧ | ૧૫૬૧ |
| સિંગ ફાડીયા | ૧૩૯૧ | ૨૦૦૧ |
| એરંડા / એરંડી | ૧૨૩૬ | ૧૨૮૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૫૪૧ |
| ધાણા | ૯૦૧ | ૨૦૨૬ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૭૪૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૩૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૭૦૦ |
| તુવેર | ૧૧૧૧ | ૧૮૧૧ |
| મેથી | ૯૯૧ | ૧૦૬૧ |
| સુરજમુખી | ૫૯૧ | ૫૯૧ |
| મરચા | ૧૫૫૧ | ૭૯૦૧ |
| ગુવાર બી | ૫૫૧ | ૫૫૧ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૬૪૧ |
| નવા ધાણા | ૧૨૦૧ | ૨૩૯૬ |
| નવી ધાણી | ૧૪૦૧ | ૨૭૦૧ |
| નવું જીરૂ | ૩૬૦૧ | ૪૭૯૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૦૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૧૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૦૪૧ |
| મરચા સૂકા ઘોલર | ૧૩૦૧ | ૭૯૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૨૮૬ |
| બાજરો | ૨૮૧ | ૩૬૧ |
| જુવાર | ૮૧૧ | ૯૭૧ |
| મગ | ૧૩૫૧ | ૧૬૨૬ |
| ચણા | ૯૫૧ | ૧૧૨૬ |
| વાલ | ૫૦૧ | ૮૬૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૯૫૧ |
| સોયાબીન | ૯૬૧ | ૧૧૨૧ |
| કળથી | ૭૨૬ | ૭૨૬ |
| ગોગળી | ૧૧૫૦ | ૧૪૯૧ |
| વટાણા | ૬૦૧ | ૧૨૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| કપાસ | ૧૦૧૧ | ૧૫૯૬ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૧૨ |
| મગફળી જીણી | ૧૨૯૧ | ૧૫૬૧ |
| સિંગ ફાડીયા | ૧૩૯૧ | ૨૦૦૧ |
| એરંડા / એરંડી | ૧૨૩૬ | ૧૨૮૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૫૪૧ |
| ધાણા | ૯૦૧ | ૨૦૨૬ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૭૪૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૩૬ |
| અડદ | ૧૦૧૧ | ૧૭૦૦ |
| તુવેર | ૧૧૧૧ | ૧૮૧૧ |
| મેથી | ૯૯૧ | ૧૦૬૧ |
| સુરજમુખી | ૫૯૧ | ૫૯૧ |
| મરચા | ૧૫૫૧ | ૭૯૦૧ |
| ગુવાર બી | ૫૫૧ | ૫૫૧ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૬૪૧ |
| નવા ધાણા | ૧૨૦૧ | ૨૩૯૬ |
| નવી ધાણી | ૧૪૦૧ | ૨૭૦૧ |
| નવું જીરૂ | ૩૬૦૧ | ૪૭૯૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૨૦૦૧ |
| તલ - તલી | ૧૦૦૦ | ૨૧૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૦૪૧ |
| મરચા સૂકા ઘોલર | ૧૩૦૧ | ૭૯૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૨૮૬ |
| બાજરો | ૨૮૧ | ૩૬૧ |
| જુવાર | ૮૧૧ | ૯૭૧ |
| મગ | ૧૩૫૧ | ૧૬૨૬ |
| ચણા | ૯૫૧ | ૧૧૨૬ |
| વાલ | ૫૦૧ | ૮૬૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૯૫૧ |
| સોયાબીન | ૯૬૧ | ૧૧૨૧ |
| કળથી | ૭૨૬ | ૭૨૬ |
| ગોગળી | ૧૧૫૦ | ૧૪૯૧ |
| વટાણા | ૬૦૧ | ૧૨૧૧ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૫૬૫ |
| શીંગ ગીરનાર | ૧૦૪૦ | ૧૬૨૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૫૭૫ |
| શિંગદાણા | ૧૧૦૦ | ૧૮૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૭૨૫ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૩૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૬૦૦ |
| તલ કાશમીરી | ૧૩૪૦ | ૨૧૪૫ |
| બાજરો | ૩૪૫ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૫૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૯૭૫ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૯૯૫ | ૧૦૬૦ |
| છોલે ચણા | ૧૨૧૦ | ૧૭૦૦ |
| તુવેર | ૮૪૦ | ૧૭૦૫ |
| કપાસ | ૧૦૪૦ | ૧૬૩૫ |
| એરંડા | ૧૦૫૫ | ૧૨૫૫ |
| જીરૂ | ૩૨૪૦ | ૪૩૯૦ |
| ધાણી | ૧૭૩૫ | ૨૦૫૦ |
| મેથી | ૮૧૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૯૬૫ | ૧૧૪૦ |
| મરચા લાંબા | ૧૮૦૦ | ૬૧૪૦ |
| કાંગ | ૫૬૦ | ૫૬૦ |
| નવી ધાણી | ૧૫૦૦ | ૨૦૫૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૫૦૦ | ૬૫૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૫૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૩૮૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૮૦૦ | ૯૩૦ |
| ગલકા | ૭૦૦ | ૮૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૫૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૦૫૦ |
| વાલોળ | ૨૨૦ | ૩૦૦ |
| વટાણા | ૩૬૦ | ૪૪૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૯૫૦ | ૧૦૫૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૧૫૦ | ૨૦૦ |
| ફોદીનો | ૫૨૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૯૫૦ |
| બીટ | ૨૦૦ | ૨૮૦ |
| તુવેર | ૫૦૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૧૧૫૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૮૦૦ | ૧૯૦૦ |
| પાલક | ૩૦૦ | ૩૮૦ |
| લીબુ | ૨૨૦ | ૩૨૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૫૦ | ૧૬૦૦ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૬૨૦ |
| તલ સફેદ | --- | ૧૯૩૬ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૫૫૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૩૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૫ |
| બાજરો | ૩૫૦ | ૫૮૦ |
| જુવાર | --- | ૧૧૧૦ |
| અડદ | ૯૫૦ | ૧૩૧૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૯૦૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૦૦ | ૧૪૭૦ |
| તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| તુવેર | ૧૫૩૦ | ૧૫૪૦ |
| ધાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| એરંડા | ૧૧૭૧ | ૧૨૫૦ |
| શીંગ દાણા | ૧૫૦૧ | ૧૬૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૬ |
| ઘઉ ટુકડા | ૫૧૫ | ૫૧૭ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૨૬ |
| ધાણા | ૧૪૫૦ | ૧૭૦૦ |
| જુવાર | ૫૨૦ | ૬૩૫ |
| સોયાબીન | ૯૮૦ | ૧૧૨૩ |
| મગફળી | ૧૧૦૦ | ૧૩૫૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૦૮ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૫૩૦ |
| તલ સફેદ | ૧૭૮૦ | ૧૮૪૦ |
| રાય | ૧૧૮૦ | ૧૧૮૦ |
| લસણ | ૫૭૦ | ૭૦૦ |
| એરંડી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૨૯૧ | ૧૪૭૦ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૩૦૦૧ | ૩૦૦૧ |
| તલ પીળા | ૨૦૩૧ | ૨૦૩૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૩ |
| બાજરો | ૩૩૦ | ૩૮૦ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૫૨૬ |
| જુવાર | ૧૦૫૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૨૬૦ | ૧૨૬૦ |
| મેથી | ૮૨૫ | ૯૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૮૪ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૦ |
| મેથી | ૧૦૩૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૮૧ |
| રાય | ૧૭૦૦ | ૧૭૪૨ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૬૦ | ૧૬૬૫ |
| કપાસ મીડીયમ | ૧૩૭૦ | ૧૪૬૦ |
| મગફળી જી ૨૦ | ૧૨૭૫ | ૧૫૯૫ |
| ચણા | ૯૪૫ | ૧૦૬૫ |
| જીરૂ | ૩૨૨૫ | ૪૪૮૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| તુવેર | ૯૬૫ | ૧૫૯૫ |
| સોયાબીન | ૮૦૫ | ૯૭૫ |
| તલ સફેદ | ૧૫૬૦ | ૧૯૧૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૯૯ | ૧૫૦૮ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૫૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| અડદ | ૭૦૧ | ૧૩૦૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૪૬ |
| મગફળી | ૯૦૧ | ૧૫૯૬ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૫૭૬ |
| મેથી | ૫૦૧ | ૭૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૦૧ |
| સોયાબીન | ૮૦૧ | ૧૧૧૧ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૨૭૦ | ૧૪૧૪ |
| શીંગ ૩૯ | ૧૨૨૨ | ૧૩૭૮ |
| શીંગ ૯ | ૧૫૮૫ | ૧૬૬૪ |
| શીંગ જી-૨૦ | ૧૪૧૧ | ૧૫૫૪ |
| જુવાર | ૮૩૧ | ૮૬૦ |
| બાજરી | ૩૫૧ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૦૧ |
| અડદ | ૧૦૯૭ | ૧૩૯૩ |
| મગ | ૭૨૫ | ૩૨૦૧ |
| સોયાબીન | ૧૦૪૬ | ૧૧૨૧ |
| ચણા | ૬૪૦ | ૬૪૦ |
| તલ સફેદ | ૨૧૫૧ | ૨૧૫૧ |
| તુવેર | ૧૨૪૦ | ૧૭૦૧ |
| જીરૂ | ૨૫૨૫ | ૪૮૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૩૧૦ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૪૩ |
| કપાસ શંકર | ૧૨૪૫ | ૧૪૭૯ |
| નાળીયેર | ૧૦૦ | ૨૩૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૪૦ | ૧૬૧૬ |
| મગફળી | ૧૪૦૦ | ૧૪૭૧ |
| ચણા | ૯૭૫ | ૯૭૫ |
| સફેદ તલ | ૧૫૫૧ | ૧૮૯૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૪૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૯૧૫ |
| બાજરો | ૩૦૦ | ૩૫૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૬૧ |
| મગ | ૬૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૯૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૧૫ |
| વાલ | ૯૦૦ | ૧૦૧૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૩૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૭૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૬૨૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૬૭૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૩૮ |
| તલ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૯૫ |
| રાય | ૧૧૦૦ | ૧૫૧૦ |
| લસણ | ૧૦૨૫ | ૧૬૦૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| જીરૂ | ૨૪૦૦ | ૪૬૩૫ |
| અજમો | ૨૧૦૦ | ૬૧૦૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૩૦૦૦ |
| ધાણા | ૧૮૭૦ | ૨૨૦૦ |
| મરચા | ૧૨૦૦ | ૬૦૦૫ |
| ડુંગળી | ૪૦ | ૨૭૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૩૬ |


**....જીપ્સમ....**
**ખેતીની જમીન માટે**
**લુઝ ટ્રક લોડીંગ ચાલુ**
**૨૮ થી ૪૦ ટન સુધી**
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬



Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીના નીલકંઠ જ્વેલર્સ દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

**તિરંગા થીમ અને રાષ્ટ્રભક્તિના માહોલ વચ્ચે દેશપ્રેમનું અનોખું સન્માન**

અમરેલી, તા.૨૯

અમરેલીના સુપ્રસિદ્ધ નીલકંઠ જ્વેલર્સ દ્વારા દેશના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વના માનમાં સમગ્ર શોરૂમને 'તિરંગા થીમ' અને દેશભક્તિના વિવિધ ચિત્રોથી સુશોભિત કરી ગ્રાહકોમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત જલાવવામાં આવી હતી. આ ગૌરવશાળી પ્રસંગે લાયન્સ ક્લબ, રોટરી ક્લબ અમરેલી ગીર, રોટરેક્ટ ક્લબ, ચેમ્બર ઓફ કોમર્સ અને વેપારી મહામંડળના પ્રતિનિધિઓ સહિત શહેરના નામાંકિત ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ) તથા ડો. નીતિનભાઈ ત્રિવેદી જેવી અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હાજર રહી હતી. એક વિશેષ પહેલ રૂપે ઉપસ્થિત તમામ મહેમાનો અને નાગરિકોને 'તિરંગાની પીન' (બ્રોશ) લગાવી સન્માનિત કરવામાં આવ્યા હતા



અને મહાનુભાવોને દેશભક્તિના પુસ્તકો અર્પણ કરાયા હતા. ઉજવણીમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર મૂકબધિર શાળાના બાળકો રહ્યા હતા, જેમનું નીલકંઠ જ્વેલર્સ દ્વારા હૃદયપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આઈસ્ક્રીમ દ્વારા મહેમાનોનું મોં મીઠું કરાવી આતિથ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શહેરના રાજમાર્ગો પર દેશભક્તિના ગીતો સાથે ભવ્ય તિરંગા યાત્રા, બાઈક રેલી અને ફોર-વ્હીલર રેલી યોજાતા સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બની ગયું હતું. કાર્યક્રમના અંતે નીલકંઠ જ્વેલર્સના માલિકો કેતનભાઈ, પ્રકાશભાઈ અને કંદર્પભાઈએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો, જેમાં કંદર્પભાઈએ વિકસિત ભારતના નિર્માણ માટે સૌને સંકલ્પબદ્ધ થવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અમરેલીના નગરજનો, સામાજિક આગેવાનો અને ગ્રાહકો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

# કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ બાબરાની મુલાકાતે : સરકારી હોસ્પિટલના નવનિર્માણ અંગે આપ્યું માર્ગદર્શન

બાબરા, તા.૨૯

અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે તાજેતરમાં બાબરા શહેરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમની સાથે પ્રાંત અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે ખાસ કરીને બાબરાની સરકારી હોસ્પિટલની મુલાકાત લઈ ત્યાંની આરોગ્યલક્ષી કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન કલેક્ટરે હોસ્પિટલ માટે નિર્માણ પામનાર નવી બિલ્ડિંગના પ્રોજેક્ટ



તસવીર : વિજય માળી

અંગે સત્તાધીશો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે દર્દીઓને સમયસર અને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. ખાસ કરીને હોસ્પિટલમાં આધુનિક સુવિધાઓ વધારવા, સ્ટાફની યોગ્ય વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યની જરૂરિયાતો મુજબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો. હોસ્પિટલના અધિકારીઓએ કલેક્ટરને હાલની સુવિધાઓ અને પડકારો વિશે માહિતગાર કર્યા હતા.

# ગીર સોમનાથમાં ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી કોમી વૈમનસ્ય ફેલાવનાર શખ્સ ઝડપાયો

ગીર સોમનાથ,તા.૨૯

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર અન્ય વ્યક્તિના નામે ફેક આઈડી બનાવી બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાય અને ધાર્મિક લાગણી દુભાય તેવી ઉશ્કેરણીજનક પોસ્ટ વાયરલ કરનાર આરોપીને ગીર સોમનાથ પોલીસે ગણતરીની કલાકોમાં અટકાયતમાં લીધો છે. કોડીનાર પોલીસે સોશિયલ મીડિયા પર વોચ ગોઠવી હતી. દરમિયાન સર્વેલન્સમાં સામે આવ્યું હતું કે 'firoj68971' (Firoj kharai) નામની ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી હિન્દુ અને મુસ્લિમ કોમ વચ્ચે તનાવ પેદા થાય તેવા ફોટા વાયરલ કરવામાં આવ્યા છે. પોલીસ અને આઈ.ટી. એક્સપર્ટની



તસવીર : ધર્મેશ પાઠક

મદદથી CDR, IPD અને IMEI સહિતના ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મૂળ દ્વારકાના રહેવાસી અજગર અનવર ખરાઈએ અન્ય વ્યક્તિના ખોવાયેલા સીમકાર્ડનો ઉપયોગ કરી આ ફેક આઈડી બનાવ્યું હતું. કોડીનાર પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો (૧૯૬, ૨૯૯, ૩૫૩) તથા આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

# વડોદરામાં ૨ ફેબ્રુઆરીએ BAPSના વડા મહંતસ્વામીની ૯૨ની જન્મજયંતી ઉજવાશે

વડોદરા,તા.૨૯

બીએપીએસના અધ્યક્ષ મહંતસ્વામી મહારાજનો ૯૨મો જન્મજયંતી મહોત્સવ વડોદરામાં 'એ.પી.એમ.સી. માર્કેટ નજીક, નેશનલ હાઈવે-૪૮' ખાતે ૨ ફેબ્રુઆરી-સોમવારે સાંજે ૫.૦૦થી ૮.૦૦ વાગ્યા દરમિયાન ભવ્યતાથી ઉજવાશે. તેમની નિશ્રામાં વિશ્વભરના ૧૮૦૦થી વધુ મંદિરોમાં સનાતન વૈદિક ધર્મના સંસ્કારોનું જતન થઈ રહ્યું છે. વિશ્વના પશ્ચિમ ગોળાર્ધમાં સૌથી મોટા હિન્દુ મંદિર એવા રૉબિન્સવિલ, ન્યૂજર્સીમાં



સ્વામિનારાયણ અક્ષરધામથી લઈને મિડલ ઈસ્ટમાં સૌપ્રથમ પરંપરાગત હિન્દુ મંદિર એવા અબુધાબી સ્થિત 'બી.એ.પી.એસ. હિન્દુ મંદિર' જેવા અનેક મંદિરોના નિર્માણ દ્વારા તેમણે સનાતન પરંપરાનો અભૂતપૂર્વ જયઘોષ કર્યો છે. આ મહોત્સવમાં ઈંગ્લેન્ડથી ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સના અધિકારીઓ દ્વારા સ્વામીશ્રીનું બહુમાન કરાશે. પ્રમુખસ્વામી મહારાજે ૨૦૧૬ સુધીમાં તેમના સમગ્ર જીવનકાળ દરમિયાન ૧૨૦૦ હિન્દુ મંદિરોનું નિર્માણ કર્યું હતું. પ્રમુખસ્વામી મહારાજ વતી મહંત સ્વામી મહારાજ આ બહુમાન સ્વીકારશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી ગિનેસ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાને સાંસ્કૃતિક સિદ્ધિઓ માટે ૫ રેકોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા છે. લાભ પાંચમના દિવસે ૧૪૦ ઔદ્યોગિક એકમોમાં સંસ્થાના બાળ વિદ્વાનો દ્વારા મહાપૂજા, સુરસાગર તળાવ ખાતે ૧૨૯૨ બાળ-બાલિકાઓ દ્વારા ૨૯૨ કુંડ પર વિશ્વ શાંતિ યજ્ઞ, મહંત સ્વામી મહારાજના જન્મસ્થાન જબલપુરથી વડોદરા સુધી ૯૨ યુવાનો દ્વારા મશાલયાત્રા, મહારક્તદાન કેમ્પ, તેમજ બી.એ.પી.એસ. મહિલા પ્રવૃત્તિ અંતર્ગત ૭૨૦૦ જેટલી વિશિષ્ટ પ્રેરણા સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવ સ્થળે અંદાજિત બે લાખ હરિભક્તો ઉપરાંત દેશ-વિદેશના લાખો ભક્તો-ભાવિકો આસ્થા ભજન ચેનલ અને live.baps.rog તથા અન્ય પ્રસાર માધ્યમો દ્વારા આ કાર્યક્રમને માણી શકશે.

# કોડીનારના પણાદરના ગાયત્રી વિદ્યામંદિરમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી

કોડીનાર,તા.૨૯

કોડીનાર તાલુકાના પણાદર સ્થિત ગાયત્રી વિદ્યામંદિર ખાતે પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, જમીન વિકાસ બેંકના ચેરમેન



તસવીર : કુલદીપ પાઠક

કે.વી. બારડ, ડો. કિશોરભાઈ ઝણકાટ, જયભાઈ બારડ, હરિકાકા વિઠલાણી વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કોડીનાર શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ પરમાર તેમજ મોટી સંખ્યામાં વાલીઓ હાજર હતા. ઉજવણી દરમિયાન તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકો સુરસિંહભાઈ, જયાબેન ગોહિલ, પ્રકાશભાઈ વાઢેર અને અરસીભાઈ વાળાએ તમામ મહાનુભાવોને શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પણ કરી વિશેષ સન્માન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ ઘેલુભાઈ ઝાલાના માર્ગદર્શનમાં કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# ધોરાજીમાં ગુજ્જર ક્ષત્રિય કડિયા સેવા સમાજ દ્વારા સંત શિરોમણી શામજીબાપુની ૪૩મી પુણ્યતિથિ ઉજવાઈ

ધોરાજી,તા.૨૯

ધોરાજી ગુજ્જર ક્ષત્રિય કડિયા સેવા સમાજ (શ્યામવાડી) અને કડિયા કેળવણી મંડળ (શ્યામવાડી)ના સંયુક્ત ઉપક્રમે સતાધારના મહંત સંત શિરોમણી શામજીબાપુની ૪૩મી પુણ્યતિથિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધોરાજી કડિયા સમાજ શ્યામવાડી ખાતે યોજાયેલા સાંસ્કૃતિક સમારોહનું દીપ પ્રાગટ્ય નિજાનંદ પરિવારના જે.જે. વિરાણી, સમાજના પ્રમુખ રાજેન્દ્રભાઈ યાદવ, મંત્રી લલીતભાઈ મકવાણા, ચંદુભાઈ ચાવડા, પંકજભાઈ મકવાણા, કેળવણી



તસવીર : નયન કુહાડીયા

મંડળના પ્રમુખ કિશોરભાઈ વાઢેર, ઉપપ્રમુખ વિજયભાઈ મારુ, ધર્મેશભાઈ ગોહેલ, મહિલા મંડળના પ્રમુખ દક્ષાબેન રાઠોડ તેમજ સિનિયર અગ્રણીઓ કિશોરભાઈ વાઘેલા, પ્રવીણભાઈ રાઠોડ, બાવનજીભાઈ ટાંક, મોહનભાઈ ટાંક, નિલેશભાઈ ભટ્ટી, ભરતભાઈ વાઘેલા, રાજેશભાઈ ચોટલીયા, વિજયભાઈ પોરીયા, ગોરધનભાઈ ગરનારા અને રાજેશભાઈ જેઠવા સહિતના મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના પ્રમુખ રાજુભાઈ યાદવ દ્વારા કડિયા કેળવણી મંડળના પ્રમુખ કિશોરભાઈ વાઢેરનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.


## -:: અસલ દસ્તાવેજ ખોવાયા અંગે જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામ ને જાણ કરવાની કે અમરેલી જીલ્લાનાં સાવરકુંડલા તાલુકાનાં મોજે આંબરડી ગામના ગામ નમુના નંબર ૮-અ ના ખાતા નં.૯૦૧ થી નોંધાયેલ રે.સ.નં.૧૪૨ પૈકી ૨ વાળી જુની શરત સત્તા પ્રકારની જરાયત ખેડવાણ જમીન કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી હે.આરે.ચો. મી.૧-૬૧-૮૮, જેનો મહેસુલી કુલ આકાર રૂા. ૪.૦૦ પૈસા છે.તે નરેશભાઈ ખીમજીભાઈ ચોડવડીયા ની સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની ચાલી આવેલ છે.સદરહું મીલકતના ટાઈટલમાં આવતો નીચે મુજબનો અસલ દસ્તાવેજ કયાંક ખોવાઈ ગયેલ છે.જે ખુબ શોધખોળ કરવા છતા મળી આવેલ નથી.

(૧)રજી.વે.દ.૫૩૧ તા.૦૬/૦૩/૧૯૮૦ થી ખીમજીભાઈ મનજીભાઈ જોગ બાબુભાઈ બાવનભાઈએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.તથા રજીસ્ટર ફીની પહોંચ અસલ.

સદરહું ઉપરોકત દર્શાવેલ અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ આધારે કે અન્ય કોઈ રીતે સદરહું મિલકત ઉપર કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું, કરજ, ગીરો કે જામીનગીરી હોય કે સદરહું મિલક્ત પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭ (સાત) માં નીચે લખ્યા સરનામે અમોને લેખિત આધાર પુરાવા સહિત જણાવવું, મુદત વિત્યે સદરહું અસલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કોઈ પાસે નથી કે કોઈને કોઈ પ્રકારે વાંધો, તકરાર નથી અને હોય તો તે જતાં (WAIVE) કરેલ છે તેમ માની લેશે.ત્યાર બાદ કોઈનો કોઈપણ પ્રકારનો હકક,દાવો,વાંધો,તકરાર મારા અસીલ ને બંધનકર્તા રહેશે નહી જેની સર્વે એ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : સાવરકુંડલા
તારીખ : ૨૯/૦૧/૨૦૨૬

-:: અમારા મારફત ::-

**ગોપાલભાઈ જે. વિરાણી**
બી.એ.એલ.એલ.બી.(એડવોકેટ)
ઓફિસ નં.૧, ગણેશ કોમ્પલેક્ષ,મામલતદાર કચેરી સામે,
મહુવા રોડ, સાવરકુંડલા, તા:સાવરકુંડલા, જી:અમરેલી
મો:૯૪૨૯૨૨૧૩૦૫

અમારી સુચનાથી :-
સોડવડીયા નરેશ કે.


# ગોંડલ પત્રકાર સંઘ અને નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે 'એક શામ શહીદો કે નામ' કાર્યક્રમ યોજાયો

ગોંડલ,તા.૨૯

ગોંડલ નવનિયુક્ત પત્રકાર સંઘ તથા ગોંડલ નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ૨૫ જાન્યુઆરી, રવિવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે ગોંડલ કોલેજ ચોક સ્થિત ભગવતસિંહજી ગાર્ડન ખાતે 'એક શામ શહીદો કે નામ' દેશભક્તિ ગીતોના કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગોંડલ શહેરના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભુવનેશ્વરી પીઠના ડો. રવિદર્શન, લોહલંગરીધામના સીતારામ



તસવીર : દેવાંગ ભોજાણી

બાપુ, ગોંડલ નગરપાલિકાના પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, સીનીટેશન ચેરમેન રમેશભાઈ સોંદરવા, લોહાણા સમાજ પ્રમુખ જગદીશભાઈ ગણાત્રા તથા પત્રકાર સંઘના હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. તેમજ RSS ના સભ્યો તથા માજી સૈનિકો દ્વારા ભારતમાતાનું પૂજન કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પોરબંદરના પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, ધારાસભ્ય ગીતાબા જાડેજા, ગણેશભાઈ જાડેજા, ગોંડલ નાગરિક સહકારી બેંકના ચેરમેન કિશોરભાઈ કાલરિયા, વાઈસ ચેરમેન ઓમદેવસિંહ જાડેજા, માર્કેટ યાર્ડ ચેરમેન અલ્પેશભાઈ ઢોલરિયા, વાઈસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, દલાલ મંડળ પ્રમુખ યોગેશભાઈ કિયાડા, એશિયાટિક કોલેજના ગોપાલભાઈ ભુવા, પૂર્વ પાલિકા પ્રમુખ ચંદુભાઈ ડાભી, નગરપાલિકા કારોબારી ચેરમેન ક્રિપાલસિંહ જાડેજા, યતિશભાઈ દેસાઈ, ટીનુભા ઝાલા, જીગીશાબેન પટેલ તેમજ વિવિધ શાળા-કોલેજોના સંચાલકો, ઉદ્યોગપતિઓ અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન હરેશ ગણોદીયા, પત્રકાર સંઘના પ્રમુખ વિશ્વાસ ભોજાણી, ઉપપ્રમુખ ગૌરાંગ મહેતા, મહામંત્રી આશિષ વ્યાસ તેમજ રાજુભાઈ ટોળીયા, સંકેત બરવાડીયા, નરેન્દ્ર પટેલ, પૃથ્વીસિંહ જાડેજા સહિતના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.


**સંકુલ ધો. ૧૦ A1-A2 ગ્રેડને - ધો. ૧૧-૧૨ આર્ટસ કોમર્સ સાયંસ 50% - 25% સ્કૂલ ફી માફ**

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad184



-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.19/2026
જન્મ તારીખ : 23/10/2011

શ્રી જગુભાઈ સરમણભાઈ પરમાર,
રહે.ચીડીવાવ, ગામ-ચીડીવાવ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ગીરદેવળી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રીજગુબેન સરમણભાઈ પરમાર, રહે.ચીડીવાવ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જગુભાઈ સરમણભાઈ પરમાર તથા લીલાબેન જગુભાઈ પરમાર ના પુત્રી જ્યોતિબેન જગુભાઈ પરમારનો જન્મ તારીખ.23/10/2011ના રોજ કોડીનાર તાલુકાના ચીડીવાવ/ગીરદેવળી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.18/2026
જન્મ તારીખ : 15/01/2010

શ્રી જેસાભાઈ સરમણભાઈ પરમાર,
રહે.ચીડીવાવ, ગામ-ચીડીવાવ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ગીરદેવળી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જેસાભાઈ સરમણભાઈ પરમાર, રહે.ચીડીવાવ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી જેસાભાઈ સરમણભાઈ પરમાર તથા રઈબેન જેસાભાઈ પરમાર ના પુત્ર શૈલેષ જેસાભાઈ પરમારનો જન્મ તારીખ.15/01/2010ના રોજ કોડીનાર તાલુકાના ચીડીવાવ/ગીરદેવળી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



**ધારીના મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં**

જ.મ. અપીલ રજી નં. ૧૩/૨૦૨૬ તા.૧૬/૦૧/૨૦૨૬

અરજદાર :- શ્રી નનુભાઈ રાઘવભાઈ હુંમર
રહે.ધારગણી પ્લોટ વિસ્તાર,
તા.ધારી, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ.ધારગણી, તા.ધારી, જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ધારી તાલુકાના ધારગણી ગામમાં અરજદારશ્રી નનુભાઈ રાઘવભાઈ હુંમર એ તેઓના પુત્રી તૃપાબેન નનુભાઈ હુંમર જન્મ તા.૦૧/૦૨/૧૯૯૪નાં રોજ ધારગણી ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,
ધારી



**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૦/૨૦૨૬ તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. દવલબેન અમરશીભાઈ વરીયા
રહે.કૃષ્ણગઢ તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી કૃષ્ણગઢ-મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી મનીષાબેન અમરશીભાઈ વરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૭ ના રોજ મુ.કૃષ્ણગઢ-મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

# NCPએ અજિત પવારના ઉત્તરાધિકારી તરીકે સુનેત્રા પવારની પસંદગી કરી

મુંબઈ,તા.૨૯



મહારાષ્ટ્રના સ્વર્ગસ્થ નાયબ મુખ્યમંત્રી અજિત પવારની પાર્ટીએ તેમના ઉત્તરાધિકારી તરીકે તેમની પત્ની સુનેત્રા પવારને નિયુક્ત કર્યા છે. NCPના કાર્યકારી પ્રમુખ પ્રફુલ્લ પટેલ અને પાર્ટીના દિગ્ગજ નેતા છગન ભુજબળના જણાવ્યા અનુસાર, સુનેત્રા પવારને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવાનો પ્રસ્તાવ ભાજપને સુપરત કરવામાં આવશે. સુનેત્રા પવાર હાલમાં રાજ્યસભાના સાંસદ છે. જો તે ડેપ્યુટી સીએમ બનશે, તો તે અજિત પવારની બારામતી બેઠક પરથી ચૂંટણી લડશે અને ધારાસભ્ય બનશે. બંને એનસીપી નેતાઓએ સુનેત્રા પવાર સાથે મુલાકાત કરી હતી અને તેમને ડેપ્યુટી સીએમ બનવા માટે આગ્રહ કર્યો હતો. આ માહિતી સૂત્રો પાસેથી મળી છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ૪૧ ધારાસભ્યો છે. પવાર પરિવારના અડધો ડઝન સભ્યો રાજકારણમાં સીધા સંકળાયેલા છે. શરદ પવાર સૌથી મોટા છે, જ્યારે સુનેત્રા પવાર બીજા ક્રમે છે. તેમણે બારામતીમાં સુપ્રિયા સુલે સામે ચૂંટણી લડી હતી, અને ભલે તેઓ હારી ગયા, પરંતુ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ તેમને રાજ્યસભામાં ચૂંટ્યા હતા.

# સંરક્ષણ સંબંધને મજબૂત બનાવવા રશિયા અને ભારત સંયુક્ત રીતે એસયુ-૫૭ E ફાઈટર જેટનું ઉત્પાદન કરશે

મોસ્કો,તા.૨૯




ભારત અને રશિયા હંમેશા મજબૂત સંરક્ષણ સહયોગ ધરાવતા રહ્યા છે. હવે, આ સંરક્ષણ સંબંધને વધુ મજબૂત બનાવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. એવા અહેવાલ છે કે ભારત અને રશિયા ભારતમાં પાંચમી પેઢીના સુખોઈ એસયુ-૫૭ E સ્ટીલ્થ ફાઈટર જેટના સંયુક્ત ઉત્પાદનની શક્યતા પર સઘન તકનીકી ચર્ચાઓ કરી રહ્યા છે. રશિયન એરોસ્પેસ કંપની યુનાઈટેડ એરક્રાફ્ટ કોર્પોરેશનના સીઈઓ વાદિમ બદેખા દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. હૈદરાબાદમાં ચાલી રહેલા વિંગ્સ ઈન્ડિયા એર શો દરમિયાન રશિયન મીડિયા સાથે વાત કરતા, વાદિમ બદેખાએ જણાવ્યું હતું કે બંને દેશો આ દરખાસ્ત પર તકનીકી ચર્ચાના અદ્યતન તબક્કામાં પહોંચી ગયા છે. તેમણે સમજાવ્યું કે આવા કરારો લાંબા ગાળાના દ્વિપક્ષીય સહયોગ માટે દિશા નિર્ધારિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે વાટાઘાટો એસયુ-૫૭ ના લાઈસન્સ પ્રાપ્ત ઉત્પાદન પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે, જે હાલમાં એસયુ-૩૦ વિમાનના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતી ભારતીય સુવિધાઓનો ઉપયોગ કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય ઉદ્યોગ અને સ્વદેશી સિસ્ટમોને મહત્તમ હદ સુધી સામેલ કરવાની યોજનાઓ પર પણ વિચારણા કરવામાં આવી રહી છે.

# સંજય રાઉતે અજિત પવારની વિમાન દુર્ઘટના તપાસ પર પ્રશ્નો ઉઠાવ્યા

મુંબઈ,તા.૨૯

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું બુધવારે (૨૮ જાન્યુઆરી) વિમાન દુર્ઘટનામાં અવસાન થયું. તેઓ ૬૬ વર્ષના હતા. તેમના અચાનક મૃત્યુના સમાચારથી સૌ કોઈ ચોંકી ગયા છે. દરમિયાન, ઘણા વિપક્ષી નેતાઓએ અકસ્માતની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે. જ્યારે કેન્દ્ર અને રાજ્ય તપાસ એજન્સીઓ ઘટનાસ્થળે તપાસ કરી રહી છે, ત્યારે શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે આ બાબતે એક નિવેદન બહાર પાડ્યું છે. તેમણે ભૂતકાળની વિમાન દુર્ઘટનાઓને ટાંકીને તપાસ પર સવાલ ઉઠાવ્યા છે. મુંબઈમાં મીડિયા સાથે વાત કરતા સંજય રાઉતે કહ્યું, "શું અમદાવાદ વિમાન દુર્ઘટનામાં કોઈ તપાસ થઈ છે? જનતાને હકીકતો અને સત્યથી વાકેફ કરવા જોઈએ. ગઈકાલે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું. આનાથી માત્ર મહારાષ્ટ્ર જ નહીં પરંતુ સમગ્ર દેશને આઘાત લાગ્યો છે. આ કેવી રીતે થઈ શકે?

# પંજાબ પોલીસે ૪૩ કિલો હેરોઈન, મોટી સંખ્યામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો

અમૃતસર,તા.૨૯



પંજાબ પોલીસે અમૃતસરમાં ડ્રગ્સ અને હથિયારોનો મોટો જથ્થો જપ્ત કરીને ડ્રગ તસ્કરોને મોટો ફટકો આપ્યો છે. પોલીસે ૪૨.૯૮૩ કિલો હેરોઈન, મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે અને બે લોકોની ધરપકડ કરી છે. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે એકસ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે અમૃતસર ગ્રામીણ પોલીસે 'પિંડા દે પેહરેદાર' (ગ્રામ્ય સંરક્ષણ સમિતિ -વીડીસી) ની મદદથી આ મોટું ઓપરેશન હાથ ધર્યું હતું. ૪૨.૯૮૩ કિલો હેરોઈન, ચાર હેન્ડ ગ્રેનેડ, એક સ્ટાર માર્ક પિસ્તોલ, ૪૬ જીવંત .૩૦ બોર કારતૂસ અને એક મોટરસાઈકલ જપ્ત કરવામાં આવી હતી. ડીજીપી ગૌરવ યાદવે લખ્યું, "અમૃતસર ગ્રામીણ પોલીસે 'પિંડા દે પેહરેદાર' ની મદદથી ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કર્યો." અને ૪૨.૯૮૩ કિલો હેરોઈન, ૪ હેન્ડ ગ્રેનેડ, એક સ્ટાર માર્ક પિસ્તોલ, ૪૬ જીવંત .૩૦ બોર કારતૂસ અને એક મોટરસાઈકલ જપ્ત કરી. ત્યારબાદની તપાસમાં બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

# લાલુ, રાબડી અને તેજસ્વી-તેજ પ્રતાપે રાઉઝ એવન્યુ કોર્ટમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ માંગી

પટણા,તા.૨૯

રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવ અને તેમની પત્ની રાબડી દેવીએ નોકરી માટે જમીન કૌભાંડ કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ માંગી છે. એ જ રીતે, તેમના પુત્રો, તેજસ્વી યાદવ અને તેજ પ્રતાપ યાદવે પણ કોર્ટમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ મેળવવા માટે અરજીઓ દાખલ કરી છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા નોંધાયેલા આ કેસમાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપો સામેલ છે. કોર્ટ આ અરજીઓ પર સુનાવણી કરશે અને ચુકાદો આપશે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં નોકરી માટે જમીન વ્યવહાર કેસમાં ચાર્જશીટ દાખલ થયા પછી, આજે પ્રથમ વખત લાલુ પરિવારની ભૂમિકા પર સુનાવણી કરવામાં આવી. ચાર્જશીટ સ્વીકારતા પહેલા, કોર્ટે જણાવ્યું હતું કે લાલુ પરિવારની સિન્ડિકેટ તરીકે સંડોવણીના પ્રથમદર્શી પુરાવા છે. નોંધપાત્ર વાત એ છે કે, આ કેસમાં લાલુ પ્રસાદ યાદવ સૌથી મોટું નામ હોવા છતાં, તમામ ધ્યાન તેજસ્વી યાદવ પર કેન્દ્રિત છે.

# અજિત પવારના ક્રેશ થયેલા વિમાનનું બ્લેક બોક્સ મળ્યું, અકસ્માત અંગેનું સાચુ કારણ બહાર આવશે

મુંબઈ, તા.૨૯



મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું બુધવારે (૨૮ જાન્યુઆરી) વિમાન દુર્ઘટનામાં અવસાન થયું. આ દુઃખદ ઘટનાના એક દિવસ પછી, ક્રેશ થયેલા વિમાનનું બ્લેક બોક્સ મળી આવ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે કોકપીટ વોઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રેકોર્ડર મળી આવ્યા છે. ડીજીસીએ અને ફોરેન્સિક અધિકારીઓ ક્રેશ સ્થળની તપાસ કરી રહ્યા છે. ટીમે સમગ્ર ઘટનાસ્થળની સંપૂર્ણ તપાસ કરી છે. અગાઉ, અધિકારીઓએ જણાવ્યું હતું કે જો ક્રેશ થયેલા વિમાનનું બ્લેક બોક્સ અને ફ્લાઈટ ડેટા મળી આવે, તો અકસ્માત તરફ દોરી જતી ઘટનાઓનો ક્રમ નક્કી કરવા માટે તેમની તપાસ કરવામાં આવશે. હવે, દિલ્હી સ્થિત વીએસઆર એવિએશન કંપનીની માલિકીના લર્નજેટ ૪૫ વિમાનનું બ્લેક બોક્સ મળી આવ્યું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "બારામતી નજીક દુર્ભાગ્યપૂર્ણ વિમાન અકસ્માત બાદ, તમામ જરૂરી બચાવ અને તપાસ પદ્ધતિઓ તાત્કાલિક સક્રિય કરવામાં આવી હતી.

# દિલ્હી સહિત ઉત્તર ભારતમાં વરસાદ પછી તાપમાનમાં ઘટાડો થતા ઠંડી વધી


નવીદિલ્હી,તા.૨૯



ઉત્તર ભારતમાં વરસાદ પછી ફરી એકવાર ઠંડી વધી છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે, જ્યારે લખનૌ, પટના અને જયપુરમાં દિલ્હીની તુલનામાં ઠંડીથી થોડી રાહત મળી રહી છે. જો કે, લોકોને હજુ પણ ગરમ કપડાં અને બોનફાયરનો આશરો લેવો પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, પર્વતો પરથી આવતા ઠંડા પવનો અને નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે હવામાન ફરી બદલાવાની તૈયારીમાં છે. હવામાન વિભાગ અનુસાર, દિલ્હીમાં આજે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ છે. વરસાદ પછી તાપમાનમાં ઘટાડો થયો છે. દરમિયાન, ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ છે. પટના ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને જયપુર ૧૧ ડિગ્રી સેલ્સિયસ છે. દરમિયાન, મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં સ્વચ્છ હવામાન જોવા મળી રહ્યું છે, લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસ છે. અહીં હવામાન વિભાગ તરફથી કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં શ્રેષ્ઠ ટેબ્લો અને શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી માટે પુરસ્કારોની જાહેરાત

નવીદિલ્હી,તા.૨૯





૨૬ જાન્યુઆરીએ ભારતમાં પ્રજાસત્તાક દિવસ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. એ નોંધવું જોઈએ કે આ પ્રસંગે દિલ્હીના કર્તવ્ય પથ પર એક પરેડનું આયોજન કરવામાં આવે છે. વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ટેબ્લો પણ પ્રદર્શિત કરવામાં આવે છે, અને લશ્કરી અને અર્ધલશ્કરી દળોના સૈનિકો કૂચ કરે છે. આ બધું એક ભવ્ય ઘટના હતી, જે સમગ્ર રાષ્ટ્ર દ્વારા જોવા મળી હતી. સરકારે હવે પ્રજાસત્તાક દિવસની પરેડમાં શ્રેષ્ઠ ટેબ્લો અને શ્રેષ્ઠ માર્ચિંગ ટુકડી માટે પુરસ્કારોની જાહેરાત કરી છે.

# મુખ્યમંત્રી નીતિશ કુમારે ફરી એકવાર લાલુના શાસનની યાદ અપાવી

સમસ્તીપુર,તા.૨૯

સમૃદ્ધિ યાત્રાના બીજા તબક્કાના ભાગ રૂપે મુખ્યમંત્રી નીતિશ કુમાર આજે સમસ્તીપુર પહોંચ્યા. તેમણે સમસ્તીપુરના લોકોને ૮૨૭ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા. તેમણે ૪૭૦ કરોડના ૭૧ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. તેમણે ૨૭૩.૦૨ કરોડના ૭૪ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કર્યું અને ૮૩.૨૯ કરોડના ૪૩ પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કર્યું. ત્યારબાદ ભીડને સંબોધતા, તેમણે એનડીએ સરકારની સિદ્ધિઓ ગણાવી. તેમણે ૨૦૦૫ પહેલાની સરકાર પર પ્રહારો કર્યા. લાલુ-રાબડી શાસનને યાદ કરતાં તેમણે કહ્યું, "તમને પહેલાની પરિસ્થિતિ યાદ છે? તે ખૂબ જ ખરાબ હતી. લોકો સાંજ પછી ઘર છોડતા નહોતા. સમાજમાં આટલો વિવાદ હતો, હિન્દુ-મુસ્લિમ સંઘર્ષ ખૂબ જ હતો. શિક્ષણની સ્થિતિ કેવી હતી? ખૂબ ઓછા બાળકો ભણતા હતા, અને ખૂબ જ ઓછું શિક્ષણ ઉપલબ્ધ હતું.

# ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે ત્રણ મહત્વના હોદ્દા પર જીત મેળવી

(એચ.એસ.એલ),ચંદીગઢ,તા.૨૯

ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે, મેયર, સિનિયર ડેપ્યુટી મેયર અને ડેપ્યુટી મેયર એમ ત્રણેય પદો પર કબજો કર્યો છે. મેયરની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સૌરભ જોશીને કુલ ૧૮ મત મળ્યા છે, જ્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવારને ૧૧ મત મળ્યા છે. દરમિયાન, કોંગ્રેસના ઉમેદવારને ૭ મત મળ્યા, જેમાં એક સાંસદનો મત પણ સામેલ હતો. નોંધનીય છે કે કોંગ્રેસે સિનિયર ડેપ્યુટી મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણીમાં ભાગ લીધો ન હતો, જેના કારણે ભાજપનો વિજય વધુ સરળ બન્યો. આ વર્ષે ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં બીજી એક અનોખી ખાસિયત હતી જેમાં પહેલી વાર ગુપ્ત મતદાનને બદલે હાથ બતાવીને મતદાન કરવામાં આવ્યું, જેનાથી સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત થઈ. નવા ચૂંટાયેલા મેયર સૌરભ જોશીએ તેમની જીત બાદ પાર્ટી નેતૃત્વ અને કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, "એક કાર્યકર તરીકે મને મહત્વ આપવા બદલ હું પાર્ટીનો આભારી છું.

# કોલંબિયામાં પ્લેન ક્રેશ થતા વિમાનમાં સવાર તમામ ૧૫ લોકોના મોત નિપજ્યા

કોલંબિયા,તા.૨૯



કોલંબિયામાં એક ભયાનક વિમાન દુર્ઘટના થઈ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે ઉત્તરપૂર્વીય કોલંબિયાના નોર્ટે ડી સેન્ટેન્ડર પ્રાંતના ગ્રામીણ વિસ્તારમાં એક નાનું વિમાન ક્રેશ થયું હતું. કોંગ્રેસના સભ્ય સહિત વિમાનમાં સવાર તમામ ૧૫ લોકોના આ અકસ્માતમાં મોત થયા હતા. ફ્લાઈટનું સંચાલન કરતી સરકારી એરલાઈન, સેટેનાએ જણાવ્યું હતું કે મુસાફરોની સ્થિતિ નક્કી કરવા માટે એક બચાવ ટીમ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. કોલંબિયાના પરિવહન મંત્રાલયે પાછળથી એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે કોઈ બચી શક્યા નથી. નોંધણી નંબર એચકે ૪૭૦૯ ધરાવતું વિમાન કુકુટા એરપોર્ટથી સ્થાનિક સમય મુજબ સવારે ૧૧:૪૨ વાગ્યે પર્વતોથી ઘેરાયેલા શહેર ઓકાના માટે રવાના થયું હતું. ફ્લાઈટમાં સામાન્ય રીતે લગભગ ૪૦ મિનિટ લાગે છે. સેટેનાએ જારી કરેલા નિવેદન અનુસાર, વિમાનનો એર ટ્રાફિક કંટ્રોલ સાથે છેલ્લો સંપર્ક ટેકઓફ થયાની થોડી મિનિટો પછી થયો હતો. અધિકારીઓએ ક્રેશનું કારણ સ્પષ્ટ કર્યું નથી પરંતુ કહ્યું કે તેની તપાસ કરવામાં આવશે. એરલાઈને જણાવ્યું હતું કે નાના વિમાનમાં બે ક્રૂ સભ્યો અને ૧૩ મુસાફરો હતા, જેમાં કેટાટુમ્બોના પ્રતિનિધિ ગૃહના સભ્ય ડાયોજેનેસ ક્વિન્ટેરો, ૩૬ વર્ષીયનો સમાવેશ થાય છે.

# દક્ષિણ આફ્રિકામાં ત્રિપલ અકસ્માતમાં ૧૧ લોકોના ઘટનાસ્થળે જ થયા મોત

જોહાનિસબર્ગ,તા.૨૯




દક્ષિણ આફ્રિકામાં ગુરુવારે એક મિનિબસ, ટેક્સી અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ. આ અકસ્માત પૂર્વીય ક્વાઝુલુ-નાતાલ પ્રાંતના ડર્બન શહેર નજીક થયો. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૧ લોકો માર્યા ગયા હતા.

દક્ષિણ આફ્રિકાના સ્થાનિક સરકારી અધિકારીઓ અને કટોકટી સેવાઓએ આ માહિતી પૂરી પાડી હતી. તેમણે એ પણ નોંધ્યું હતું કે એક અઠવાડિયા પહેલા, સમાન માર્ગ અકસ્માતમાં ૧૪ શાળાના બાળકો માર્યા ગયા હતા.

પ્રાંતીય પરિવહન વિભાગના અધિકારી સિબોનિસો ડુમાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તમામ ૧૧ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોમાં એક શાળાનો બાળક પણ સામેલ છે. ''સાક્ષીઓએ આરોપ લગાવ્યો છે કે ટ્રક ડ્રાઈવરે યુ-ટર્ન લીધો હતો, જેના કારણે સામસામે ટક્કર થઈ હતી,'' ડુમાએ જણાવ્યું હતું. ખાનગી પેરામેડિક સેવા એએલએસ પેરામેડિક્સના પ્રવક્તા ગેરેથ જેમિસને જણાવ્યું હતું કે ૧૧ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાં કાટમાળમાં ફસાયેલા મિનીબસ ડ્રાઈવરનો પણ સમાવેશ થાય છે.

# ઉના તાલુકાના ગાંગડા ગામની સીમમાં પુત્રનો જીવ બચાવવા વૃધ્ધ પિતાએ દીપડાને મોતને ઘાટ ઉતાર્યો

ગીર સોમનાથ,તા.૨૯

ઉના પંથકના સીમ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે દીપડો અને એક પિતા-પુત્ર વચ્ચે લોહિયાળ જંગ છેડાયો હતો. જેમાં વહાલસોયા પુત્રને મોતના મુખમાંથી બચાવવા માટે આ વૃદ્ધ પિતા દીપડા માટે સાક્ષાત કાળ બનીને ત્રાટક્યા હતા. ત્યારે આ ભયાનક લડાઈમાં પિતાએ સ્વબચાવમાં દીપડાને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે.



ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગીર સોમનાથ જિલ્લાના ઉના પંથકમાં આવેલ ગાંગડા ગામની સીમમાં ગત રાત્રિના સમયે બાબુભાઈ વાજા નામના વૃદ્ધ વાડીએ પોતાની ઓસરીમાં બેઠા હતા. આ દરમિયાન ઘોર અંધારામાં એક હિંસક દીપડાએ અચાનક તેમના પર હુમલો કરી દીધો હતો. પિતાની મરણતોલ ચીસ સાંભળીને તેમનો પુત્ર તુરંત જ પિતાની મદદે દોડી આવ્યો હતો. બાદમાં પોતાના પુત્રને દીપડાના જડબામાં ફસાયેલો જોઈ વૃદ્ધ પિતામાં જાણે શક્તિનો સંચાર થયો હોય તેમ, તેમણે ડર્યા વગર પુત્રનો જીવ બચાવવા દીપડા પર જ હુમલો કર્યો હતો. બાબુભાઈએ પોતાની પાસે રહેલા ભાલા અને દાતરડા વડે દીપડા પર પ્રહાર કર્યા હતા. અંતે દીપડાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ત્યારે ગીર સોમનાથના ઈતિહાસમાં સ્વબચાવમાં દીપડાને મારવાની આ પ્રથમ ઘટના હોવાનું મનાય છે.

# અમદાવાદમાં મકાન ધરાશાયી થતા ત્રણ લોકો દટાયા : મહિલાનું મોત

અમદાવાદ,તા.૨૯

અમદાવાદના ઘી-કાંટા વિસ્તારમાં મોટી હમામની પોળ પાસે આવેલા નવતાડની પોળમાં મકાન ધરાશાયી થવાની ઘટના બની છે. મકાન પડતાં કાટમાળ નીચે ત્રણ લોકો દટાઈ ગયા હતા. આ વિશે જાણ કરવામાં આવતાં ફાયરની ટીમે ઘટનાસ્થળે પહોંચીને દટાયેલા લોકોનું રેસ્ક્યુ શરૂ કર્યું હતું. ગણતરીની મિનિટોમાં ફાયરબ્રિગેડની



બે ટીમ દ્વારા ત્રણ લોકોને બહાર કાઢી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ ત્રણ લોકોમાંથી એક મહિલાનું વધુ ઈજાને કારણે મોત થયું છે. ઘટનાની જાણ થતાં પોલીસ ટીમ પણ સ્થળે દોડી ગઈ હતી. બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશનની એસ્ટેટ વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિકો લોકોનો આક્ષેપ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડ્રેનેજની લાઈન ખોદવાની કામગીરી ચાલતી હતી અને ડ્રિલ કરવાની કામગીરીને કારણે મકાન પડી ગયું છે. મકાન પડતાં કોર્પોરેશનના ૨ મજૂર પણ ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ઘરમાં હાજર એક મહિલા પણ ઈજાગ્રસ્ત થઈ હતી.

# કડદાપ્રથા વિરૂધ્ધ આંદોલન કરનારા રાજુ કરપડા અને પ્રવિણ રામના જામીન મંજૂર

બોટાદ,તા.૨૯

બોટાદના હડદડ ગામે ખેડૂત-પોલીસ વચ્ચેના ઘર્ષણ કેસમાં ભાવનગર ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડા અને પ્રવીણ રામના જામીન મંજૂર કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ચાલતી કડદાપ્રથા વિરુદ્ધ આંદોલનનું નેતૃત્વ કરનાર આપ કિસાન સેલ પ્રમુખ રાજુ કરપડા અને પ્રદેશ ફ્રન્ટલ સંગઠન પ્રમુખ પ્રવીણ રામની ચાર મહિના અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદથી બંને નેતા જેલમાં હતા. ૧૨ ઓક્ટોબરે બોટાદના હડદડ ગામમાં ખેડૂત મહા પંચાયતનું આયોજન કરાયું હતું. પોલીસનો દાવો હતો કે, આ આયોજન મંજૂરી વિના કરાયું હતું. તેથી તે રોકવા માટે પોલીસ પહોંચતા જ ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસના વાહનો પર પથ્થરમારો કર્યો હતો. આ સ્થિતિને કાબુમાં લેવા પોલીસે ટિયર ગેસના શેલ છોડવા પડ્યા હતા.

# અંબાજીમાં ૩૦ જાન્યુઆરીથી ત્રિદિવસીય શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો પ્રારંભ

(એચ.એસ.એલ),અંબાજી,તા.૨૯

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે આગામી તા. ૩૦.૦૧.૨૦૨૬ થી તા. ૧.૦૨.૨૦૨૬ (મહા સુદ બારસ, તેરસ અને ચૌદસ) દરમિયાન ભવ્ય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬' નું આયોજન કરાશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે વર્ષ ૨૦૦૮માં ગબ્બર પર્વત પર ૫૧ શક્તિપીઠ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું, જેનું લોકાર્પણ ફેબ્રુઆરી ૨૦૧૪માં થયું હતું. અંદાજે રૂ. ૬૧.૫૭ કરોડના ખર્ચે



નિર્મિત આ પરિક્રમા માર્ગમાં ભારત સહિત પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકા, તિબેટ અને બાંગ્લાદેશમાં સ્થિત મૂળ શક્તિપીઠોની આબેહૂબ પ્રતિકૃતિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેથી શ્રદ્ધાળુઓ એક જ સ્થળે તમામ ૫૧ શક્તિપીઠોના દર્શનનો લ્હાવો લઈ શકે. બનાસકાંઠા જિલ્લા કલેકટર અને આરાસુરી ટ્રસ્ટના અધ્યક્ષ મિહિર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ મહોત્સવમાં ભાગ લેવા માટે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, ગાંધીનગર અને અરવલ્લી સહિતના જિલ્લાઓમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે.

# રાજ્યમાં કડકડતી ઠંડીમાંથી આંશિક ઘટાડો થવાની શક્યતા

**પવનની ગતિ વધશે, માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના**

ગાંધીનગર,તા.૨૯

રાજ્યમાં થોડા સમયથી અનુભવાતી કડકડતી ઠંડીમાં હવે આંશિક ઘટાડો નોંધાવાની શક્યતા છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી ૪૮ કલાકમાં રાજ્યના અનેક વિસ્તારોમાં તાપમાનમાં ૩થી ૫ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. જોકે પવનની ગતિ યથાવત્ રહેવાની આગાહી કરવામાં આવી છે. દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ ૪૫થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાકે ફૂંકાવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ત્રણ દિવસ બાદ ફરી એક વખત તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે, જેના કારણે ઠંડીમાં વધારો થઈ શકે છે.

# રાજ્યમાં દુષ્કર્મની ઘટનામાં ૬૦ દિવસમાં તપાસ પૂર્ણ કરવા ડીજીપીએ કર્યો આદેશ

ગાંધીનગર,તા.૨૯

રાજ્યમાં મહિલાઓ અને સગીર બાળાઓ પર થતા અત્યાચારોના કિસ્સામાં પીડિતોને ત્વરિત ન્યાય અપાવવા માટે સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલવેઝ) વિભાગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર, હવેથી બળાત્કાર અને પોક્સો



હેઠળના તમામ ગુનાઓની તપાસ ફરજિયાતપણે ૬૦ દિવસની અંદર પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરવાની રહેશે. ગુજરાત રાજ્યમાં મહિલાઓ અને સગીર બાળાઓ સામે થતા જાતીય અપરાધોને રોકવા અને પીડિતોને ઝડપી ન્યાય અપાવવા માટે પોલીસ વિભાગે કમર કસી છે. સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલવેઝ) વિભાગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધીક્ષકોને કડક સૂચના આપવામાં આવી છે કે મહિલા અને

**દુષ્કર્મના પીડિતોને ઝડપી ન્યાય અપાવવા પોલીસ વિભાગે કમર કસી**

સગીર બાળા પરના બળાત્કારના ગુનાઓમાં હવેથી વધુમાં વધુ ૬૦ દિવસમાં તપાસ પૂર્ણ કરવાની રહેશે. નવા ફોજદારી કાયદા (BNSS) હેઠળ મહિલા સુરક્ષા માટે CID ક્રાઈમનો કડક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને એટીએસે આંતરરાજ્ય બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો

અમદાવાદ,તા.૨૯

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ATSએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી આંતરરાજ્ય બાળ તસ્કરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. અમદાવાદ એરપોર્ટ પાસેથી એક કારમાંથી ૧૫ દિવસના બાળકનું રેસ્ક્યુ કર્યું હતું. આ બાળકને એક મહિલા સહિત ત્રણ વ્યક્તિ હિંમતનગરથી ૩.૬૦ લાખમાં ખરીદીને લાવ્યા હતા. આ ટોળકી બાળકોની તસ્કરી કરીને તેમને ગુજરાત, તેલંગાણા અને યુપીના રાજ્યોમાં વેચી દેતા હતા. પોલીસે હાલ ત્રણ આરોપીની ધરપકડ કરીને વધુ



તપાસ હાથ ધરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ગુજરાતી એટીએસને એક સંયુક્ત બાતમી મળી હતી, જેના આધારે અમદાવાદ એરપોર્ટના કોતરપુર પાસે પોલીસે હિંમતનગરથી આવી રહેલી એક ગાડી રોકીને તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન કારમાંથી એક ૧૫ દિવસનું બાળક મળી આવ્યું હતું. પોલીસે કારમાં બેસેલા હૈદરાબાદના રોશન અગ્રવાલ, યુપીના સુમિત યાદવ, અમદાવાદની મહિલા વંદના પંચાલની ધરપકડ કરી છે.




# નવસારીમાંથી ઝડપાયેલા શખ્સ પાસેથી સાત લોકોની હત્યા કરવાની યાદી મળી

અમદાવાદ,તા.૨૯

ગત ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાત ATSએ નવસારીના ચારપુલ વિસ્તારમાંથી એક શંકાસ્પદ યુવકની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ ફૈઝાન શેખ તરીકે થઈ હતી, જે મૂળ ઉત્તરપ્રદેશના રામપુરનો વતની છે અને હાલ નવસારીમાં રહેતો હતો ત્યારે દરજીકામ



કરતો ફૈઝાન શેખ આતંકવાદી સંગઠનોના પ્રભાવમાં આવીને દેશમાં આતંક ફેલાવવાની ફિરાકમાં હતો. એના માટે તેણે એક પિસ્તોલ અને છ કારતૂસ પણ ખરીદ્યા હતા. ફૈઝાન શેખે ઈસ્લામ અને પયગંબર વિરુદ્ધ સ્ટેટમેન્ટ આપનારા લોકોની યાદી બનાવી તેમની હત્યા કરવાની યોજના ઘડી હતી. ફૈઝાને સાત લોકોની યાદી બનાવી હતી, જે ATSને મળી છે. ફૈઝાને આ સાત લોકોને એવી રીતે મારવા કે દુનિયા જોતી રહે એવી વિવાદાસ્પદ પોસ્ટ પણ કરી હતી. ફૈઝાન જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકવાદી સંગઠનોના આતંકવાદીઓ સાથે પણ સંપર્કમાં હતો અને તેમના ઈશારે કોઈપણ ઘટનાને અંજામ આપવા તૈયાર હોવાનું તેણે કબૂલ્યું હતું, જોકે તેનો આ ઈરાદો પાર પડે એ પહેલાં જ ATSએ તેને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ઉર્દૂ અને અરબી ભાષામાં ૨૯ પાનાંનું સાહિત્ય પણ મળ્યું હતું.

**ફૈઝાન શેખ પાસેથી ઉર્દુ અને અરબી ભાષામાં ૨૯ પાનાનું સાહિત્ય પણ મળ્યું**







